Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૪૦ • તા.૨૮ સપ્ટેમ્બર થી ૦૪ ઓક્ટોબર ૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## અચલગચ્છાધિપતિશ્રી, સળંગ ૪૫ વરસીતપના આરાધક તપસ્વીરત્ન પૂ.આ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ના ૮૨માં જન્મદિને હર્ષોલ્લાસથી પાલીતાણામાં ધાર્મિક અને જીવદયાના કાર્યક્રમો યોજાયા





અનુમોદના - શોભાયાત્રાની ઝલક

## કસ્ટમ હાઉસ એજન્ટરૂપે ૬૨ વર્ષથી ગોદરેજ સોપ્સ, હિન્દુસ્તાન યુનિલિવર્સ, વી.વી. એફ લિ., અને તાતા ઓઇલનું કામ સંભાળી જ્ઞાતિને બિઝનેસ વર્લ્ડમાં ગૌરવ અપાવનાર

## યુ.એમ. ખોના એન્ડ કું.ના સંચાલકો : કીરીટભાઇ-જયંતભાઇ-ઉદય-હર્ષ લાપસીયા પર કંપનીના અમૃત મહોત્સવ (૭૫ વર્ષ પૂર્ણ કરવા) નિમિત્તે મહાનુભાવોની અભિનંદન વર્ષા




યશના અધિકારી (ડાબેથી) જયંતભાઇ-હર્ષ-ઉદય-કિરીટભાઇ લાપસીયા



શ્રીમતી રતી અને શ્રી નાદિર ગોદરેજ સાથે લાપસીયા પરિવાર

જ્ઞાતિ આગેવાન કિરીટભાઇ લાપસીયા તેમજ ભાઇ જયંતભાઇ, પુત્ર ઉદય અને ભત્રીજા હર્ષના સંચાલનમાં કસ્ટમ હાઉસ એજન્ટ તરીકે જાણીતી અને માનીતી બનેલ યુ.એમ. ખોના એન્ડ કું.એ શનિવાર ૧૪મી સપ્ટેમ્બરે મુંબઇના પરેલ વિસ્તારમાં આવેલી હોટેલ આય.ટી.સી. ગ્રાન્ડ સેન્ટ્રલ ખાતે કસ્ટમ એજેન્ટ બિઝનેસમાં સફળતાપૂર્વક ૭૫ વર્ષ પૂર્ણ કર્યાનો ઉત્સવ ઉજવ્યો.

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ ૧૯૬૪માં મહારાષ્ટ્રમાં કપાસ વ્યાપારનું રાષ્ટ્રીયકરણ થયું તે પહેલાં ઘણા ક્ષેત્રો ૧૦૦-૧૨૫ વર્ષથી જેમનું નામ ગાજતું હોય એવી પેઢીઓ ધરાવતી હતી પણ એ પછી તેમાં ઓટ આવી એ દ્દષ્ટીએ જ્ઞાતિને એક પેઢીએ કસ્ટમ ક્લીયરન્સના વ્યવસાયમાં ૭૫ વર્ષ પૂર્ણ કરી 'અમૃત મહોત્સવ' ઉજવ્યો. એ જ્ઞાતિ માટે ઐતિહાસિક અને ગૌરવ લેવા જેવો પ્રસંગ ગણાય.

(અનુસંધાન પાના નં.૭ પર)

## Top corporates grace U M Khona & Co.'s Platinum Jubilee celebration

*New generation consolidating & expanding the efforts of Kirit Lapsia & Jayant Lapsia*

*Please See EXIM INDIA News Letter Converge on 2nd Cover*

# Top corporates grace U M Khona & Co.'s Platinum Jubilee celebration

***New generation consolidating & expanding the efforts of Kirit Lapsia & Jayant Lapsia***



Adi Godrej Speaking at Function



Kirit Lapsia giving Memento to Adi Godrej



Kirit Lapsia felicitates Hindustan Unilever CFO Sridhar Ramamurthy



Uday Lapsia felicitating Hindustan Unilever Director - Ramesh Krishnamurthy



Kirit Lapsia felicitates Aegis President Sudhir Malhorta

U M Khona and Company, one of the reputed Custom House Agents (CHAs), celebrated its Platinum Jubilee at Hotel ITC Grand Central here on Saturday, September 14. Top industrialists led by Padma Bhushan Mr Adi Godrej, Chairman, Godrej Group of Companies, Mr Nadir Godrej, Managing Director, Godrej industries Ltd, Mr Sridhar Ramamurthy, CFO, Hindustan Unilever Ltd, Mr Rustom Joshi, Managing Director, VVF Ltd, Mr Nitin Nabar, Executive Director and COO, Godrej Industries Ltd, Mr Ramesh Krishnamurthy, Director-Procurement, South Asia, Hindustan Unilever Ltd, Mr Ravinder Swaroop, Commissioner of Customs-Air Cargo, Mr Ravi Goenka, Managing Director, Laxmi Organics Ltd, Mr Apurva Shah, Managing Director, C. J. Shah and Co. and a host of other top CEOs and Port and Customs officials graced the occasion.

**The beginning**

U M Khona and Company, which was started in 1938 by Mr Umershi Manshi Khona, had a humble beginning, operating from a 150 sq. ft office space in the most crowded lanes of Masjid Bunder. The clearance of copra and spices through the coastal trade was its main forte.

Over the years, with the advent of international trade, the company started handling import and export consignments.

**Turning point**

In 1962, Mr Kirit Lapsia, son-in-law of Mr Umershi Manshi Khona, joined the company. That was the turning point in its history. Liquid bulk imports and exports soon became the specialty and big industrial houses, such as Godrej Soaps Ltd, Hindustan Unilever Ltd, VVF Ltd and Tata Oil Mills, became the major clients, for whom the company still continues to handle uninterruptedly, a period of over 62 years!



Nadir Godrej Speaking at Function



Kirit Lapsia Felicitating Nadir and Rati Godrej



Kirit Lapsia giving Memento to Nadir Godrej



Uday Lapsia felicitating Rustom Joshi - Chairman, VVF

**Expansion**

In 1976, Mr Jayyannt Lapsiaa, brother of Mr Kirit Lapsia, joined the business to lend a helping hand and take the business forward. Very soon, containerised cargoes, machinery and all types of imports came into the company's fold. Soon, the company put its stamp of mastery over clearances of all types of cargoes.

*Continued on page 6*

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી-09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 40/2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


***તંત્રી સમીપે....***

# શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ફંડો માટે અર્થસંકલ્પો અને પ્રસ્તાપિત આયોજનો...

જ્ઞાતિ પ્રવાહમાં મુંબઇની સંસ્થાઓની ગતિવિધિઓ વિશેષ મહત્વ ધરાવે છે તેમાંથી હાલની પરિસ્થિતિમાં જે તરંગો સર્જાયા છે તેમાં 'અનંતછાયા'ના વેચાણ કરારની રૂએ શ્રી અનંતનાથ ટ્રસ્ટને ડિસેમ્બર ૨૦૧૧થી છ મહીના સુધી એટલે કે મે ૨૦૧૨ સુધી કરાર અન્વયે મળેલ રૂા.૩૦ કરોડની રકમ પરના દોઢેક કરોડ જેટલી વ્યાજની આવક અને ત્યારબાદ ૩૧ જાન્યુઆરી ૨૦૧૩ના ચેરીટી કમીશ્નરે મંજુરી આપ્યા પછી અત્યાર સુધીના એટલે કે આઠ માસના તે કરાર મુજબ મળેલ કુલ્લ ૩૫ થી ૪૫ કરોડ જેટલી રકમ પરના અઢી કરોડ જેટલી વ્યાજની આવકનો સરવાળો લગભગ ૪ કરોડ થાય અને તે દૃષ્ટિએ ટ્રસ્ટીઓએ ટ્રસ્ટના હેતુઓ માટે એ આવકનો ઉપયોગ ૩૧ માર્ચ ૨૦૧૪ પહેલાં કરવા માટે જુદાજુદા વિકલ્પોની વિચારણા કરીને તેની સામે ખર્ચ અને આવકવેરાનો કાયદાને અનુલક્ષીને કૉરપસ-અનામત કે અન્ય રીતે રોકાણ કરવા અંગે આયોજન કરવાની બાબતે યોગ્ય પગલાં લીધાં હશે એવું અનુમાન કરીએ તો તે સવેળાનું હશે.

મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટની કલમ ૩૧ અ અનુસાર દરેક જાહેર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ નાણાકીય વર્ષના પ્રારંભ પૂર્વે ત્રણેક મહિનામાં આગામી વર્ષ માટે ટ્રસ્ટના ફંડ અને અપેક્ષિત આવકનું તથા તે સામે પ્રસ્તાવિત ખર્ચનું આયોજન કરવાના દૃષ્ટિકોણથી બજેટ/અંદાજપત્રક (અર્થસંકલ્પ) બનાવવાનું રહે છે. પરંતુ જ્ઞાતિના અન્ય ઘણા ટ્રસ્ટોની જેમ અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ પણ ત્રણ વર્ષ સુધી આવા અંદાજપત્રક તૈયાર કર્યા નથી તે હકીકતને નજરઅંદાજ કરીએ તો પણ ઉપરોક્ત રૂપિયા ચારેક કરોડ જેટલી તથા હજી બીજા છ મહિના દરમ્યાન વિશેષ રૂપિયા અઢી કરોડ જેટલી થનાર અંદાજીત વ્યાજની આવક અને તે પણ સાધારણ ખાતામાં ઉપજનારી આવકનો જે પણ વિભિન્ન હેતુઓસર ટ્રસ્ટીઓ દ્વારા ઉપયોગ/ખર્ચ કરવાનો હોય તેનું અંદાજપત્રક બનાવીને ઉક્ત કાયદાની પૂર્તિ કરવાની અમુક અંશે પણ ફરજ બજાવવાનો દાવો કરવા કરતાં, જ્ઞાતિ પ્રત્યે પારદર્શક અભિગમ દાખવવાની ફરજ બજાવ્યાનો સંતોષ લઇ શકાય તેમ છે તે દૃષ્ટિએ પણ હવે વહેલામાં વહેલી તકે આ પ્રકારનું અંદાજપત્રક જ્ઞાતિ સમક્ષ રજુ થાય તેટલી અપેક્ષા તો આ યુવા ટ્રસ્ટીઓ / વહિવટકારો પાસેથી જ્ઞાતિ રાખે તે સ્વભાવિક છે.

આમાં થોડા સમય પહેલાં (એપ્રિલ ૨૦૧૩માં) ભાંડુપમાં બોલાવેલ અનૌપચારિક સભામાં ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની મસ્જીદબંદરની મિલકતો પરના મકાનોના સમારકામ માટે છ કરોડ જેટલો ખર્ચ હોવાનું ચિત્ર જ્ઞાતિજનો સમક્ષ રજુ કર્યું હતું, તે હકીકતને સાંકળીએ તો સામી બાજુએ એવો પ્રશ્ન થાય કે મસ્જીદબંદરની ઉક્ત મિલકતોમાંથી અધિકાંશ દેરાસર ખાતાની છે તેથી તે ખાતામાં અગર પુરતી આવક ન હોય તો આ સમારકામ માટેના ખર્ચને પહોંચી વળવા, ટ્રસ્ટીઓએ શું સાધારણ પાસેથી ઉક્ત વેચાણ કિંમત પરના વ્યાજની આવકમાંથી લોન લેવાના વિકલ્પને પસંદ કરવો ?

અલબત, સર્વ આનુષંગિક પાસાઓનો વિચાર કરીને ટ્રસ્ટીઓ મસ્જીદબંદરના કેટલા મકાનોનું સમારકામ કરવાનું યોગ્ય ગણે છે અને તેમાં પણ આપણા પરશ્રદ્ધેય અનંતનાથજી જિનાલયને એકરીતે બહુમુલ્ય સુરક્ષિતતા આપતી આપણા જ્ઞાતિજનોની બહોળી વસતી ધરાવતા 'અનંતનિવાસ'ના તેમજ અનંતનાથજી જિનાલયની તદન નજીકમાં અને આસપાસમાં આવેલ આપણી અન્ય મિલકતોના સમારકામ કે પુનર્વિકાસ માટે કેટલા અંશે અગ્રતાક્રમ આપી શકાય તે માટે પણ તેમણે નિર્ણય લેવાનો રહે છે. આવો નિર્ણય તેમણે અત્યાર લગી લીધો છે કે કેમ તેના પર એક પ્રશ્નચિહ્ન છે.

આ ઉપરાંત, ટ્રસ્ટીઓએ પોતાની ભાવિ પ્રવૃત્તિઓમાં 'અનંતછાયા'ની જમીન

પર એક અતિથિગૃહ અને મેડિકલ સેન્ટરનું નિર્માણ કરવામાં આવશે તેવી એકાદ મહીના પહેલાં જાહેરાત કરી છે તેથી પણ જ્ઞાતિના કેટલાક આગેવાનોને આશ્ચર્ય થયું છે. આના મુખ્ય કારણમાં, અનંતછાયા વિષે ડેવલપર સાથે થયેલ મૂળ કરાર (એમ.ઓ.યુ.)માં ટ્રસ્ટને ડેવલપર તરફથી ૧૦૦૦ ચો.ફૂટનું શિખરબદ્ધ દેરાસરજી અને ૫૦૦ ચો. ફૂટનું ઉપાશ્રય એમ બે વિશેષ નિર્મિતીઓની જોગવાઈ છે. એટલે, ચેરીટી કમીશનરે ૩૧ જાન્યુઆરી ૨૦૧૩ના 'અનંતછાયા'ના વેચાણ માટે મંજુરી આપી તે પછી ટ્રસ્ટ તરફથી ડેવલપર સમક્ષ આ 'અતિથિગૃહ' અને 'મેડીકલ સેન્ટર'ના નિર્માણ માટે માગણી કરવામાં આવી હોય અને તેમાં કોઈ સમજુતી થઈ હોય તો તે બાબતે તેમજ આ બે સુવિધાઓ કેટલા ક્ષેત્રફળના બાંધકામમાં સમાવિષ્ટ થશે તેની તથા તે માટે ટ્રસ્ટે કોઈ વધારાનો ખર્ચ અદા કરવો પડશે કે કેમ

અથવા તો ટ્રસ્ટ પાસે જે એક ફ્લેટનો ઉક્ત કરાર પહેલાંજ કબ્જો હતો અને જેમાં ઉપાશ્રય જેવો ઉપયોગ કરાતો હતો તે ફ્લેટ અને કોઈક ભાડુત કે ભાડુતોના ફ્લેટ ટ્રસ્ટે કોઈક દાતાના સહકારથી મેળવેલ હોય તેની અવેજીમાં નવા મકાનમાં આ અતિથિગૃહ અને મેડીકલ સેન્ટરનું આયોજન થશે કે કેમ તેની વિગતો સામે પણ જ્ઞાતિ માટે પ્રશ્નાર્થ જ ઊભો છે.

વળી, તાજેતરમાં ડોંબિવલીમાં એક અને 'અનંતસિદ્ધિ'ના રીડેવલપમેન્ટના ભાગ રૂપે એક બીજી 'અફલાતુન' વાડીઓ અત્યાધુનિક અને મલ્ટીપરપઝ બેન્કવેટ સ્વરૂપની નિર્માણ કરવાની પણ ટ્રસ્ટીઓએ જાહેરાત કરી છે. આમ ટ્રસ્ટીઓ દ્વારા આ પહેલાંની જાહેરાતો મુજબ, 'અનંતસિદ્ધિ' ભાંડુપમાં 'અતિથિગૃહ', મેડીકલ સેન્ટર, ડોંબિવલીમાં અતિથિગૃહ, મેડીકલ સેન્ટર, મહિલા ઉદ્યોગગૃહ, કચ્છ માંડવીમાં મેડિકલ સેન્ટર કે નેચરલ કેર સેન્ટર, એજ્યુકેશન સેન્ટર અથવા ઓલ્ડ એજ હોમ, કાંજુરમાર્ગમાં ભવ્ય દેરાસર, ઉપાશ્રય અને એજ્યુકેશન સેન્ટર, નવી મુંબઈમાં અદ્યતન વાડી, ઈત્યાદિ ભાવિ યોજનાઓની ઘોષણાઓ ઉત્સાહના અતિરેકમાં કે આવેશમાં કે જ્ઞાતિજનોને આંજી નાખવાના હેતુસર થઈ હોય તેમ બિલકુલ ન માનીએ તો પણ તે સર્વની અંદાજિત ખર્ચની તેમજ અગ્રતાક્રમ ઈત્યાદિ વિષે અને તે માટે જરૂરી ફંડ કે સ્ત્રોતોની ઉપલબ્ધિ વિષયક વિગતવાર માહિતીથી ટ્રસ્ટીઓ અને મહાજનશ્રીના અધિકારીઓ જ્ઞાતિને હજી કેટલો સમય વંચિત રાખશે તે સૌથી અગત્યનો પ્રશ્ન રહસ્યની હદ સુધીઅનુત્તર રહે તેમાં જ્ઞાતિજનો અને ટ્રસ્ટીઓ કે મહાજનશ્રીના પદાધિકારીઓ વચ્ચેના સેતુને ગંભીર અસર થાય છે તેમાં બે મત ન હોઈ શકે.

ખાસ કરીને, મુંબઈ મહાજનશ્રી અને ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિને "ભાવભરી સલામ" સાથે પ્રારંભ કરાયેલ પાક્ષિક પ્રકાશન (કે.ડી.ઓ. વર્લ્ડ)માં જે મુદ્દે મહાજનશ્રીના અધિકારીઓ અને અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ (વ્યવહારમાં એક જ સમાન વહીવટકારોએ), જ્ઞાતિજનો સાથે "આત્મીયતા", "નિકટતા" અને "સંવાદનો નવો દોર શરૂ કરવા" તથા "વિશ્વના દરેક કેડીઓ સાથે કનેક્ટેડ રહેવા" અને "ભાવિ કેડીઓ પેઢી માટે નક્કર ભવિષ્યલક્ષી કાર્ય કરવાની વચનબધ્ધતા"નો કોલ આપ્યો છે ત્યારે આ બધી વિગતો ને માહિતીઓ જ્ઞાતિ સમક્ષ મૂકી, તેમણે પોતાની વિશ્વસનીયતાનો આંક ઊંચો લાવવો જોઈએ તેમ કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ થતી નથી.

આમ સમગ્ર રીતે જોતાં, મહાજન શ્રી અને ટ્રસ્ટીઓએ પોતપોતાના ફંડો અને કાર્યક્ષેત્રોને અનુલક્ષીને ઉપરોક્ત સર્વ પ્રકલ્પો અને યોજનાઓ માટે નિર્ધારિત સમયે ક્રમે ક્રમે થનાર આવક અને ખર્ચની સુરેખ અને સ્પષ્ટ આયોજન વ્યવસ્થા કરી છે અને પરિસ્થિતિ ઘણી સાનૂકુળ બની છે તેવો જ્ઞાતિને ઠોસ નક્કર અહેસાસ અને વિશ્વાસ આપવાની જવાબદારી અદા કરવામાં તેમના તરફથી હવે વધુ વિલંબ નહીં થાય તેવી આશા રાખીએ.

**- રા.**


## હાર્દિક અભિનંદન



**સૌ. અલ્પા તુષાર ખોના** (તેરા-ડોંબિવલી)

સહર્ષ ગૌરવ સાથે જણાવવાનું કે સૌ પ્રથમવાર આપણા જ્ઞાતિ મહિલા કાર્યકરની **ભાજપા ડોંબિવલી શહેર ગુજરાતી મહિલા સંગઠનના અધ્યક્ષપદે** નિમણુક થયેલ છે. એ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને ભાવિમાં પણ સફળતાના શિખરો સર કરે. જનસેવાના કાર્યો કરી પદને વધુ ગૌરવાન્વિત કરી દીપાવે અને સમસ્ત પરિવાર, ગામ, જ્ઞાતિ અને કચ્છી સમાજનું નામ રોશન કરે. એવી શુભેચ્છાઓ...

**શુભાશિષ**

**માતુશ્રી સ્વ.ઉષાબેન ઠાકરશી ખોના પરિવાર (તેરા)**
**માતુશ્રી વાલબાઈ ખેતશી નાગડા પરિવાર (પરજાઉ)**
**સૌ. ભારતી દિલીપ લોડાયા (સાંધવ)**
**હીતેશ તથા ગિરીશ ખોના એવં સમસ્ત સગાસંબધી, સ્નેહીજનો, હિતેચ્છુઓ કાર્યકરો અને મિત્રગણ**
**સંપર્ક : 09619244556**

# માણસ અસત્યનો આશરો કેમ લે છે ?  - પ્રવિણ લોડાયા (વડોદરા)

આના અનેક કારણો હોઇ શકે જેમ કે સત્યનો સામનો કરવાની તાકતનો અભાવ, કાયરતા, ખૂલ્લા પડી જતાં બેઆબરૂ થવાનો ભય, અસત્ય બોલીને બીજાને હાનિ પહોંચાડવાની હીનવૃત્તિ, પૈસાનો અતિશય લોભ વિગેરે.

પોતાના વ્યક્તિત્વ અને ચારિત્ર્યને નિષ્કલંક દેખાડવાનો સાબિત કરવાનો ઇરાદો, ગૂનો કર્યા છતાં ગુનાની જવાબદારી અને પરિણામો કે દંડ ભોગવાની ઉપસ્થિતિમાંથી પોતાની જાતને ઉગારી લેવાની લાલસા આવા કારણોને વશ થઇને માણસ અસત્યનો પાલવ છોડતો નથી.

અસત્ય એ અધર્મ છે, હલકટ કાર્ય છે, એમ જાણવા-સમજવા છતાં માણસ અસત્યને વળગીને તેના થકી પ્રાપ્ત થનાર ક્ષણિક કે તાત્કાલિક લાભ મેળવવા મથે છે.

અસત્યનો આધાર લેનાર ગમે તેવી હીન કક્ષા સુધી પહોંચવામાં કે વર્તવામાં શરમ-સંકોચ અનુભવતો નથી. એની નજર અસત્યથી પ્રાપ્ત થનાર ફળ તરફ હોય છે, એટલે પોતાની તમામ વિવેકશક્તિને નેવે મૂકીને સ્વાર્થ સિદ્ધ માટે સતત ધમપછાડા કરતો રહે છે.

એટલે વેદવ્યાસ કહે છે કે હું મૃત્યુથી એટલો ડરતો નથી જેટલા જૂઠ કે જૂઠ્ઠા માણસથી ડરું છું. ભાગવતમાં પૃથ્વી દ્વારા આ મતલબના શબ્દો કહેવડાવવામાં આવ્યા છે કે અસત્યથી મોટો બીજો કોઇ અધર્મ નથી હું બધો  ભાર સહન કરી શકું છું પણ જૂઠનો ભાર સહન કરી શકતી નથી.

વિનોબાજીએ કહ્યું છે તેમ અસત્યમાં શક્તિ હોતી નથી, તેથી તે પોતાના અસ્તિત્વ માટે સત્યનો આશરો લે છે, મતલબ કે પોતાનું અસત્ય પણ સત્યવત કેમ લાગે તેને માટે અસત્યભાષી કે અસત્યનું આચરણ કરનાર જાતજાતની તરકીબો અજમાવે છે. દંભ પણ તેવું અસત્યભાષી હાથવગુ હથિયાર છે.

દંભ કરનાર અંતે ખૂલ્લા પડી જાય છે, એ વાત સાચી, પણ અંતની વ્યાખ્યા શી? અસત્ય બોલનાર ધીરજપૂર્વક એક અસત્યનો સહારો લેતો હોય છે અને છેવટની ઘડી સુધી એવી આશાએ ઝઝૂમતો રહે છે કે પોતે અસત્યને છૂપાવવા-બચાવવામાં સફળ થશે.

ઘણાં માણસોને એવું અસત્યપૂર્ણ આચરણ કર્યા છતાં અસલિયત છૂપાવવામાં સફળતા મળી છે એવું જોવા-જાણવાને કારણે પણ એ અસત્યને જીવની જેમ જાળવે છે. અને ખેંચાય ત્યાંસુધી ખેંચે રાખવા અસત્યનું ભ્રામક દોરડું પકડી રાખે છે.

દરેક માણસે કીર્તિવંત રહેવું કે અપકીર્તિને વહોરવાની શક્યતા છતાં પદ, પૈસો અથવા બીજી અનેક કારણોસર પાપના કૂવામાં તરતા રહેવાની કોશીશ કરવી એનો નિર્ણય જાતે કરવાનો હોય છે.

ધોખાબાજ લોકો માટે સ્વાર્થ-સિધ્ધિ એ જ કીર્તિ હોય છે તેથી તેઓ કીર્તિ કે આબરૂની પરવા કર્યા સિવાય અસત્યના દોરવ્યા દોરાતા હોય છે. એમ લાગે કે અસત્ય ઝાઝું ટકી શકે તેમ નથી, ત્યારે તેઓ છળ, કપટ અને દંભનો આશરો લઇ અસત્યને બચાવી લેવાની જાળ પાથરે છે.

જૂઠ્ઠા કે દંભી માણસનું એક શસ્ત્ર છે. સોગંદ ખાઇને સામેની વ્યક્તિને પોતાની નિર્દોષતાની પ્રતીતિ કરાવવાનો તે પ્રયત્ન કરે છે અને તેને સફળતા મળે છે. ભલા-ભોળા લોકો તેની કસમ કે સોગંદ ખાવાની પ્રવૃત્તિથી  અંજાઇ જાય છે અને જૂઠ્ઠો માણસ પોતાની ચાલમાં સફળ થાય છે.

સત્યનો માર્ગ ખાંડાની ધાર પર ચાલવા જેવો છે. એ માર્ગે જનારે ગમે તેવા મોટા બલિદાનો કે અગ્નિ કસોટીઓ માટે પણ તૈયારી રાખવી પડે છે. સંતાન, પૈસો, પત્ની કે મસ્તક સમર્પિત કરવાનો આકરો ધર્મ પણ બજાવવો પડે છે.

સત્ય ખાતર પારાવાર કષ્ટો વહોરી પોતાનું રાજપાટ-સુખ-શાંતિ વગેરે હોડમાં મૂકનાર રાજા હરિશ્ચંદ્રની કથાથી આપણે સહુ વાકેફ છીએ અને કળિયુગી રાજાઓની પ્રપંચ લીલાઓથી પણ પરિચિત છીએ. આવા લોકોને ફાવતા જોઇને સત્યનાં સંભાવિત આકરાં પરિણામો સહન કરવાની તૈયારી ન હોય તેવા કાચા-પોચા માણસો સત્ય ન બોલવામાં જ શાણપણ છે એવો તર્ક કરીને અસત્ય બોલતાં અચકાતા નથી.

દંભી માણસો એમ માનીને ચાલતા હોય છે કે પોતાની જાતજાતની યુક્તિ-પ્રયુક્તિઓથી અસત્યનો સુદીર્ઘ સમય સુધી જીવનદાન આપી શકશે અને મોડા મોડા પણ પોતે પકડાશે ત્યાં સુધીમાંથી અસત્યે આપેલા પારાવાર ફાયદા પોતાની ઝોળીમાં ભરી લીધા હશે.

હકીકતમાં સમાજે સત્યનિષ્ઠ વ્યક્તિની કદર કરવી જોઇએ, તેને બદલે સોક્રેટિસ કે મીરાની જેમ ઝેરનો પ્યાલો પીવાની સ્થિતિ સર્જાય છે અથવા ગાંધીની જેમ ગોળીએ વિંધાવાનો વારો આવે છે. એટલે ગણતરીબાજ લોકો સાચું બોલવા કરતા દંભની મલીન ચાદર ઓઢીને ‘સલામત’ માર્ગ અપનાવાની કોશિશ કરે છે.

સદાચારી મનુષ્યે નિષ્કપટી રહેવું જોઇએ, એ વાતનું સમર્થન કરતાં સંત કબીર એટલે જ કહ્યું  છે.

*‘કબીરા આપ ઠગાઇએ, ઓર ન ઠગિએ કોઇ,*
*આપ ઠગે સુખ ઉપજે ઓર ઠગે દુ:ખ હોય.’*

# U M Khona & Co. Platinum Jubilee Celebration....

***(Contd. From page no.27)***

In 2011, the company moved its base to a sprawling 5,000 sq. ft office in Chembur, making a hugeIn 2011, the company moved its base to a sprawling 5,000 sq. ft office in Chembur, making a huge shift from South Mumbai to the eastern suburbs.

**Spreading its wings further**

Mr Uday Lapsia (son of Mr Kirit Lapsia) and Mr Harsh Lapsia (son of Mr Jayyannt Lapsiaa), too, have joined the business. With their induction, the company is spreading its wings to Kandla, Mundra, Hazira, Pipavav and Dahej.

In addition, with Mr Harsh Lapsia's rich experience in Chartered Accountancy, the company has launched, for the first time in India, a unique Logistics Audit firm, to help importers and exporters understand the recent sweeping changes made in the Customs legislations in the form of Self-Assessment and On-Site Post-Clearance Audit.

Recently, U M Khona received the coveted ISO 9001:2008 certificate from Bureau Veritas.

It has Godrej Industries Ltd, Godrej Consumer Products Ltd, Hindustan Unilever Ltd, VVF Ltd, Supreme Petrochem Ltd, Jubilant Life Science Ltd, Laxmi Organics Ltd, C. J. Shah & Co. and Glencore Grains Ltd among a host of reputed importers and exporters on its elite client list.

Mr Jay-yannt Lap-siaa, one of the partners of the company, is also President of All India Liquid Bulk Importers and Exporters Association (AILBIEA), a pan-India trade body, and a Trustee on the Board of Trustees of Mumbai Port Trust.

Mr Adi Godrej, Mr Nadir Godrej, Mr Ramesh Krishnamurthy, Mr Rustom Joshi and a few others spoke on the occasion, applauding the yeomen service being rendered to the ex-im trade by U M Khona and Co. and wishing it well.

The event was attended by over 300 top CEOs, besides executives from various leading industrial houses, a host of Port and Customs officials, as well as office bearers of various associations.

U M Khona and Co. is also involved in a lot of charity and undertakes corporate social responsibility (CSR) in its true sense. The company significantly contributes to one of the most reputed NGOs in the country, the Shree Hariharaputra Bhajan Samaj.

Supreme Petrochem Ltd, Jubilant Life Science Ltd, Laxmi Organics Ltd, C. J. Shah & Co. and Glencore Grains Ltd among a host of reputed importers and exporters on its elite client list.

Mr Jayant Lapsiaa, one of the partners of the company, is also President of All India Liquid Bulk Importers and Exporters Association (AILBIEA), a pan-India trade body, and a Trustee on the Board of Trustees of Mumbai Port Trust.

Mr Adi Godrej, Mr Nadir Godrej, Mr Ramesh Krishnamurthy, Mr Rustom Joshi and a few others spoke on the occasion, applauding the yeomen service being rendered to the ex-im trade by U M Khona and Co. and wishing it well.

The event was attended by over 300 top CEOs, besides executives from various leading industrial houses, a host of Port and Customs officials, as well as office bearers of various associations.

U M Khona and Co. is also involved in a lot of charity and undertakes corporate social responsibility (CSR) in its true sense. The company significantly contributes to one of the most reputed NGOs in the country, the Shree Hariharaputra Bhajan Samaj.

*(Courtsy : EXIM INDIA News Letter)*


॥ જય શ્રી પોડસાદાદા ॥ ॥ જય શ્રી સચ્ચામાં ॥ ॥ જય શ્રી ક્ષેત્રપાલ દાદા ॥

**વિકમશી નુખના**
**શ્રી સચ્ચા માતાજીની સમૂહ પહેડી**

વિકમશી નુખના સર્વે ભાવિકોને જણાવતાં આનંદ થાય છે કે માતાજીની સમૂહ પહેડી **તા.૧૩.૧૦.૧૩** (વિજયા દશમી)ના મુંબઇ મધ્યે આયોજીત કરેલ છે.

**સ્થળ :** સક્કર પંચાયત હોલ, ૧૮/૧, આર.એ. કીડવાઇ રોડ, વડાલા (વે), મુંબઇ - ૪૦૦૦૩૧.

**સમય :** સવારે ૮.૩૦ વાગે ભુઇમાના નિવાસસ્થાનેથી વાજતે ગાજતે સામૈયું કરી હોલ મધ્યે પ્રવેશ.

**નોંધ :** પરજાઉ, વારાપધર વિગેરે સર્વે ગામના વિકમશી પરિવાર તેમજ દીકરી/નિયાણી બહેનોને સપ્રેમ આમંત્રણ છે. આપ કેટલા જણ પધારશો તે અગાઉથી જાણ કરવા વિનંતી છે.

**-: સંપર્ક :-**

**સતીશ કાનજી વિકમશી - 987013113**
**નિલેશ કરમશી વિકમશી 9820782431**
**અખિલેશ ધનજી વિકમશી - 9819827280**

Emial : kantikaramsey@vsnl.net / akhileashdv@gmail.com

**-: નિમંત્રક : -**

**શ્રી વિકમશી પરિવાર સચ્ચામાં સમુહ પહેડી સમિતિ**

# યુ.એમ. ખોના એન્ડ કાં.એ અમૃત મહોત્સવ ઉજવ્યો....

**(પાના નં.૧ થી ચાલુ)** આ પ્રસંગે સંબંધીઓ, જ્ઞાતિ આગેવાનો તથા આમંત્રિતોએ તેમને અભિનંદન સાથે ઉજ્વલ ભાવિની શુભેચ્છાઓ આપી ખુશાલી વ્યક્ત કરી.

જો કે ખરી ખુશાલી એ હતી, કે જ્ઞાતિના અગ્રણી વ્યાપારી ઉમરશી મણશી ખોનાએ સ્થાપેલ આ કંપનીને એમના જમાઇ કિરીટભાઇ તથા એમના ભાઇ જયંતભાઇ અને નવી પેઢીમાં ઉદય અને હર્ષએ સતત સમયાનુરૂપ બનાવીને તેની ક્ષિતીજો વિસ્તારી છે એ વાતની છે.

કસ્ટમ ક્લીયરન્સ ઉદ્યોગ સંબંધી દેશ-વિદેશમાં જાણીતા પ્રકાશનો ડેલી શિંપીગ ટાઇમ્સ તથા કસ્ટમ ઇંડિયા ન્યૂઝ લેટર બન્નેએ અનુકરણીય દ્દષ્ટાંત તરીકે વધારી છે.

યુ.એમ. ખોના કાં.ને પ્લેટીનમ જ્યુબીલી નિમિતે શુભકામના આપનારા ઉદ્યોગ જગતના મહારથીઓમાં પદ્મભુષણ શ્રી અદિ ગોદરેજ (ગોદરેજ ગ્રુપ), શ્રી નાદિર ગોદરેજ (ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ), શ્રીધર રામમુર્તિ (હિન્દુસ્તાન યુનિલિવર), શ્રી રૂસ્તમ જોષી (વી.વી.એફ. લિમિટેડ), શ્રી નિતિન નાબર (ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ), શ્રી રમેશ કૃષ્ણમુર્તી (હિન્દુસ્તાન યુનીલિવર), શ્રી રવિન્દ્ર સ્વરૂપ (એર કારગો કમિશનર), શ્રી રવિ ગોયેન્કા (લક્ષ્મી ઓરગેનિક લિ.), શ્રી અપૂર્વ શાહ (સી.જે. શાહ એન્ડ કાં.) તેમજ પોર્ટ અને કસ્ટમના ઓફિસરોનો સમાવેશ થતો હતો.

### વિકાસ ગાથા

શ્રી ઉમરશી મણશી ખોનાએ ઇ.સ.૧૯૩૮માં મલબારના વ્યાપારીઓના કોપરાનો વેપાર મુંબઇ બજારમાં એમના વતી સંભાળતી યુ.એમ. ખોના એન્ડ કાં.થી શરૂઆત કરી. એ વ્યવસાયને સમય જતા આયાત નિકાસના માલો સંભાળવાના કામકાજ સુધી વિસ્તાર્યો.

શ્રી કિરીટ લાપસીયા ઇ.સ.૧૯૬૨માં યુ.એમ. ખોના એન્ડ કાં.માં જોડાયા. તેમની ધગશે ટુંકમાંજ અંતરાષ્ટ્રીય બજારમાંથી મોટા પાયે લિક્વીડ (તેલ આદિ પ્રવાહી પદાર્થો)ની આયાત અને નિકાસ માટે આ કાં.ને જાણીતી અને માનીતી બનાવી દિધી. ગોદરેજ સોપ્સ લિમિટેડ, હિન્દુસ્તાન યુનિલીવર લિમિટેડ, વી.વી.એફ લિમિટેડ અને તાતા ઓઇલ મિલ્સ જેવી નામી કંપનીઓ યુ.એમ.ખોના એન્ડ કાં. તેમનું આયાત-નિકાસનું કામ સંભાળે તેમાં સારા વ્યવહારની ખાતરી માનીતી થઇ.

કિરીટભાઇના ભાઇ જયંત લાપસીયા ઇ.સ. ૧૯૭૬માં તેમની સાથે જોડાયા અને કંપની કન્ટેનરરૂપે આવતો માલ-સામાન તથા મશિનરી સહિતની બધી પ્રકારની આયાતોનું કામકાજ સંભાળવા લાગી.

ઇ.સ.૧૯૩૮માં મસ્જિદબંદરમાં ૧૫૦ ચો.ફૂટની ઓફિસથી શરૂઆત કરનારી યુ.એમ.ખોના કંપનીએ ઇ.સ. ૨૦૧૧માં ચેંબુરમાં ૫૦૦૦ ચો. ફૂટની ઓફિસ કરી.

કિરીટભાઇના સુપુત્ર ઉદયભાઇ અને જયંતભાઇના પુત્ર હર્ષભાઇ વ્યવસાયમાં જોડાયા તે પછી યુ.એમ.ખોના કંપનીએ કંડલા, મુંદ્રા, હજીરા, પીપાવાવ અને દહેજ જેવા બંદરો સુધી પોતાનું કામકાજ વિસ્તાર્યું છે.

શ્રી હર્ષ જયંત લાપસીયા સી.એ. છે અને એક્સપોર્ટ-ઇમ્પોર્ટનો વ્યવસાય કરનારાઓને તે સંબંધી સરકારી કાયદાઓમાં આવેલા પરિવર્તનો અંગે સારું માર્ગદર્શન આપે છે.

તાજેતરમાં યુ.એસ. ખોના એન્ડ કાં.ને કામકાજમાં ગુણવત્તા જાળવવા માટેનું આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર ISO ૯૦૦૧/૨૦૦૮ પ્રાપ્ત થયું છે.

શ્રી જયંત લાપસીયા ઓલ ઇંડિયા લિક્વીડ બલ્ક ઇમ્પોર્ટર્સ એન્ડ એક્સપોર્ટર્સ એસોસીએશના પ્રેસીડેન્ટ અને બોમ્બે પોર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટી છે.

કિરીટભાઇ લાપસીયા ધાર્મિક-સામાજિક કાર્યો ઉપરાંત સાહિત્ય અને રમતગમતની પ્રવૃતિને પ્રોત્સાહન આપનારા દાનવીર તરીકે લોકપ્રિય છે. શ્રી જયંતભાઇ પ્રખ્યાત સેવાભાવી સંસ્થા હરિહરપુત્ર ભજન સમાજના આધારસ્થંભ છે. જયંતભાઇના સર્વાંગીણ વિકાસ અંગેના તથા જીવનને ધ્યેયલક્ષી બનાવી સફળતા પ્રાપ્ત કરવા અંગેના પ્રેરણાત્મક પ્રવચનોએ તેમને બહોળી નામના અપાવી છે. તેઓ સારા ક્રિકેટ કોમેન્ટેટર છે.

યુ.એમ.ખોના એન્ડ કાં.ને તેમના સૌ શુભચિંતક વતી આ કંપની દરેક નવા સભ્યના પ્રવેશ સાથે વધતા બિઝનેસ વ્યાપ તથા સન્માર્ગે દાન ઉપયોગનું નોખું અનોખું દ્દષ્ટાંત બની શતાબ્દી પૂર્ણ કરે એવી ભાવભરી શુભકામના.

## સાંધવ-દંડ પરિવાર

કચ્છ **સાંધવ** ગામના **દંડ પરિવાર**ના દેશર માતાજી અને સાંધવના ભલારાદાદાને નમતા ભાવિકો,

નુતન મંદિરની પ્રતિષ્ઠાની ઉછામણી નિમિતે **રવિવાર તા.૬.૧૦.૧૩ના સાંજે ૪થી૭**માં મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધા રોડ, મુલુન્ડ (વે)માં મીટીંગ રાખેલ છે. સર્વે ભાવિકોને પધારવા નિમંત્રણ છે. **-: સંપર્ક :-**

**રાયચંદ નરશી દંડ - 9321316588**
**મહેશ હંસરાજ દંડ - 9323908739**

# તપસ્વીઓની નામાવલી-સં.૨૦૬૯

**ધન્ય આપની તપોભાવના, વધારી જિનશાસન પ્રભાવના, કરીએ ભૂરીભૂરી અનુમોદના...**

| | | |
|---|---|---|
| કુ. પુજા હર્ષદ લાપસીયા | દલતુંગી-નાંદેડ | ૩૦ |
| પ્રતિક નિલેશ મોતા | વારાપધર-નિઝામાબાદ | ૮ |
| જયવંત ગુલાબચંદ છેડા | જશાપર-સુરત | વૃતતપ (૪૨ દિ) |
| જિગર હીરાલાલ છેડા | નલીયા-સુરત | ૮ |
| નિલમ મનોજ ગોસર | ગોએરસમા-સુરત | ૮ |
| દિવ્યા પારસ ગોસર | સુરત | ૮ |
| માણેકજી વેરશી નાગડા | તિરપુર | ૮ |
| સતીષ હંસરાજ નાગડા | તિરપુર | ૮ |
| કિંજલ દિલીપ નાગડા | તિરપુર | ૮ |
| ભવ્ય ધીરેન ખોના (ઉં.વ.૧૨) | મુલુન્ડ | ૮ |
| નિલમ મયુર નાગડા | ડોંબિવલી | ૮ |
| દીનાબેન ચીમનલાલ સોની | સુથરી-કાંજુરમાર્ગ | ૮ |
| પ્રવીણાબેન પ્રતાપ પીર | વરાડીયા-કાંજુરમાર્ગ | ૮ |
| ખુશ્બુ આશિષ ધરમસી | જાલના | ૮ |
| હેમાલી હીરાચંદ મોતા | કલીકટ | ૧૬ |
| સંગીતા પ્રફુલ લોડાયા | પુના | ૮ |
| દીપા મનોજ ધરમશી | પુના | સમોવસરણતપ |
| શ્વેતા જ્ઞાનેશ ડાઘા | પુના | ૩૨ વિજય તપ |
| મધુરીબેન વી. લોડાયા | પુના | વિમલનાથ તપ |
| માલા વીશનજી લોડાયા | પુના | વિમલનાથ તપ |
| સરલા ભરત લોડાયા | પુના | ૪૫ એકાસણા |
| ચંદ્રિકા કિશોર રતાણી | પુના | ૪૫ એકાસણા |
| ભક્તિ ધવલ દંડ | પુના | અક્ષયનિધિ |
| ઝરણા ચેતન નાગડા | ખીરકીયા | માસખમણ |
| ડિમ્પલ વિક્રમ નાગડા | ખીરકીયા | ૧૬ ઉપવાસ |
| હિરલ જનક ખોના | બેલ્લારી | ૮ |
| જિગર મનોજ શાહ | બેલ્લારી | ૮ |
| રાજેશ સોમચંદ મુનવર | બેલ્લારી | ૮ |
| ભચીબાઇ ભવાનજી ધરમશી | નલિયા | ૮ |
| સરલાબેન જેઠાલાલ લાપસીયા | નલિયા | ૮ |
| કુ. અંકિતા પ્રશાંત મોતા | ડોંબિવલી-નલિયા | ૮ |

| | | |
|---|---|---|
| કવિતા નિલેશ મોતા | નલિયા (અક્ષયનિધી) | ૮ |
| મનીષા મહેશ નાગડા | નલિયા | ૮ |
| હેતલ નિતીન લોડાયા | નલિયા | ૮ |
| તારાબેન પંકજ નાગડા | ડોંબિવલી-નલિયા | ૮ |
| રોહન સંજય મોતા | અમદાવાદ | ૮ |
| લતાબેન નીરેન લોડાયા | થાણા | ૮ |
| કુ. લબ્ધી નીરેન લોડાયા | થાણા | ૮ |
| મનીષાબેન ભાવેશ વોરા | મુંબઇ | ૮ |
| રીટાબેન નિરવ મોતા | નલિયા | ૮ |
| કલ્પનાબેન દિપક ધરમશી | કોઠારા-નવીમુંબઇ | ૮ |
| પુષ્પાબેન પદમશી મોતા | નલિયા | અક્ષયનિધિ |
| મધુરીબેન રજનીકાંત ખોના | નલિયા | અક્ષયનિધિ |
| મીનાબેન શાંતિલાલ ધરમશી | નિઝામાબાદ | ૮ |
| નયના વીરચંદ ખોના | સાંધવ | ૮ |
| કાંતિલાલ દામજી પોલડીયા | ગોએરસમા | ૮ |
| નીરવ દિપક દામજી પોલડીયા | ગોએરસમા | ૮ |
| ગુલાબચંદ લખમશી નાગડા | જખૌ | ૮ |
| શાંતિલાલ હરીલાલ ધંધુકીયા | માંગશેળ | ૮ |
| સૌ. કવિતાબેન તિલકચંદ ધુલ્લા | બાંઢીયા | ૮ |
| નયના વિરચંદ ખોના | સાંધવ | ૮ |
| મીનાબેન શાંતિલાલ ધરમશી | નિઝામાબાદ | ૮ |
| નયના ભરત નાગડા | મસ્જીદબંદર | ૮ |
| તન્વી ભરત નાગડા (ઉં.વ.૧૨) | મસ્જીદબંદર | ૮ |
| જમકુબાઇ મુરજી લાપસીયા | કોઠારા | ૮ |
| ખમાવંતી મહેન્દ્ર લુઠીયા | કોઠારા | ૮ |
| રિધ્ધિબેન કુમાર લોડાયા | કોઠારા | ૮ |
| હેતલબેન પ્રદિપ લધુભાઇ દંડ | કોઠારા | ૮ |
| ગુલાબ નવીનચંદ્ર મોતા | કોઠારા | ૮ |
| અશ્વિન શામજી કુંવરજી | કોઠારા | ૮ |
| દિનેશ શીવજી લોડાયા | કોઠારા | ૮ |

## પાસ થયા - હાર્દિક અભિનંદન



**ભાવેશ નરેન્દ્ર દંડ**
ભાયખલા
M.B.A.



**દિપ કિરીટ દંડ**
ડોંબિવલી
B.E. (Comp)



**હિતેશ હરીશ દંડ**
નાલાસોપારા
M.Com



**મનાલી જીતેન્દ્ર લાલકા**
આદિપુર
B. Com 68.21%



**ધ્વની રાજેન્દ્ર નાગડા**
નાંદેડ
B.E. - 74%



**શિતલ કલ્પેશ શાહ**
આકોટ
B.Com - 80%

।। જય ચક્રેશ્વરી માતા ।। ।। નમો નમઃ શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ।। ।। જય પદ્માવતી માતા।।

શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસૂરીભ્યો નમઃ

# ભાવભર્યું આમંત્રણ

## શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ

### શ્રી દશા ઓશવાલ જૈન ઉપાશ્રય ટ્રસ્ટ અને મહાજનવાડી

(ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં.: એ-૮૧૪ (જામનગર) તા. ૦૭-૦૨-૧૯૬૬) મુ.પો. રંગપુર, તા. લાલપુર, જીલ્લો જામનગર, પીન-૩૬૧૨૮૦.

**શુભ દિવસ : આસો વદ ૯, રવિવાર, તા. ૨૭-૧૦-૨૦૧૩**
**શુભ સમય : સવારના ૧૦.૦૦ થી બપોરના ૪.૦૦ ક.**
**શુભ સ્થળ : ગોમાંતક હોલ, માલવીયા રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ - ૫૭.**

પ્રતિ,

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના રંગપુર ગામના સર્વ ભાઈ-બહેનો તેમજ નિયાણી બહેનોના પરિવારજનો જોગ,

જય જિનેન્દ્ર અને મિચ્છામી દુક્કડમ્.....

સહર્ષ જણાવવાનું કે અચલગચ્છાધિપતિના આજ્ઞાવર્તિની **પ.પૂ.સા. શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા.** અને **પ.પૂ.સા. શ્રી કોટીગુણાશ્રીજી મ.સા.** ચાતુર્માસાર્થે વિલેપાર્લા (ઈસ્ટ) માં બિરાજમાન છે, ચાલો ચાલો આપણે સૌ રંગપુરના ઉપકારી અને સંઘવત્સલ મહારાજ સાહેબને 'ખમાવવા' તેમજ વંદન કરવા 'સંઘરૂપે' જઈએ. રવિવાર, તા. ૨૭-૧૦-૨૦૧૩ ના સવારે ૧૦.૦૦ કલાકે નીચેના સ્થળે સૌને પધારવા વિનમ્ર વિનંતી.

**શ્રી વિલેપાર્લા અચલગચ્છ જૈન સંઘ,** શ્રી મહાવીર સ્વામી જીનાલય અને ઉપાશ્રય, વિજય એપાર્ટમેંટ, માલવીયા રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ.

આ શુભ દિવસે આપણે સૌ સાથે મળીને સંઘરૂપે પૂજ્ય ગુરૂદેવને રંગપુર મુકામે આવતા વરસે ચાતુર્માસાર્થે પધારવા વિનંતી પણ કરીએ.

**-: વિશેષ કાર્યક્રમ :-**

આપને સુવિદિત છે તે મુજબ રંગપુર નગરે નવનિર્મિત શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના દેવવિમાન તુલ્ય દેરાસર જે આપણા સૌની આસ્થાનું પ્રતિક છે તેના ૨૫માં વર્ષની શરૂઆત વિ.સં. ૨૦૭૦ ને વૈશાખ સુદ ૧૧ ને ૧૦ મે ૨૦૧૪ ના થાય છે અને તે દિવસે 'સિલ્વર જ્યુબીલી' ધજા ચડાવવામાં આવશે. આ પ્રસંગને અને ૨૫માં વરસને દિપાવવા કંઈક નવું દેરાસરનું થવું જોઈએ અને ઉત્સવ ઉજવવો જોઈએ. રંગપુર મુકામે ૧૯-૫-૨૦૧૩ ના મળેલ સાધારણ સભામાં ઠરાવ્યા અનુસાર મુળનાયક ભગવાન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ અને આજુ બાજુના બે ભગવાન, તેમજ પહેલે માળે મુળનાયક શ્રી મહાવીર સ્વામી અને આજુ બાજુના બે ભગવાનના પરિકર બનાવવાનો ઓર્ડર આપી દીધેલ છે. આ પરિકરની પ્રતિષ્ઠા કરવાની છે અને મહામુલી અવસર છે. ઉપરોક્ત કાર્યક્રમને અનુલક્ષીને નીચે મુજબના ચડાવા લેવામાં આવશે. આ ચડાવા માટે આપણે સૌ ગોમાંતક હોલમાં ૧૧.૦૦ કલાકે મળશું અને પૂજ્ય ગુરૂ મહારાજની હાજરીમાં ચડાવા બોલશું.

**૧) શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના પરિકરની પ્રતિષ્ઠાનો ચડાવો.**
**૨) શ્રી મુનીસુવ્રત સ્વામીના ભામંડલની પ્રતિષ્ઠાનો ચડાવો.**
**૩) શ્રી નેમનાથ ભગવાનનો ભામંડલની પ્રતિષ્ઠાનો ચડાવો.**
**૪) શ્રી મહાવીર સ્વામી ભગવાનના ભામંડલની પ્રતિષ્ઠાનો ચડાવો.**
**૫) શ્રી અનંતનાથ ભગવાનનો ભામંડલની પ્રતિષ્ઠાનો ચડાવો.**
**૬) શ્રી આદિશ્વર ભગવાનના ભામંડલની પ્રતિષ્ઠાનો ચડાવો.**
**૭) ૨૫મી ધ્વજા ચડાવવાનો ચડાવો.**
**૮) ત્રિહાનીકા મહોત્સવની સાધર્મિક ભક્તિના ચડાવા.**
**૯) મહોત્સવના રંગમંડપના ચડાવા.**
**૧૦) અન્ય પૂજન ઇત્યાદીના ચડાવા.**

દેરાસરજીમાં સર્વે ભગવાનની પ્રતિમાઓ તેમજ દેવ-દેવીઓની પ્રતિમાઓને **ઓપ** કરાવી જરૂર હોય ત્યાં ચક્ષુ વગેરે બેસાડવાનું કામ પૂર્ણ થયેલ છે. હાલની મહાજનવાડી અતિથીગૃહના પરિસરમાં નવી ચાર રૂમો સેલ્ફ કન્ટેન્ડ બનાવવાનું ઠરાવવામાં આવેલ અને તેના નામો આવી ગયેલ છે જે કાર્યક્રમ સમયે જાહેર કરવામાં આવશે અને દાતા પરિવારનું બહુમાન કરવામાં આવશે. અન્ય દાતાઓના નામો આવતા લોબીમાં તક્તી લગાડવામાં આવશે.

**તપસ્વી બહુમાન :** આ વરસે અઠ્ઠાઈ અને તેથી વધારે તપ કરનાર તપસ્વીઓનું બહુમાન કરવામાં આવશે.

**સાધર્મિક ભક્તિ :** આપણા ગામનું સ્નેહમિલન ઘણા વખતથી નથી થયું તો આ પ્રસંગને સ્નેહમિલન ગણી સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવ્યુ છે જેમાં સર્વેને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. આશા છે આપ સૌ જરૂરથી પધારશો અને ગામની શોભા વધારશો.

**અંજનશલાકા :** નૂતન પરિકરની અંજનશલાકા કચ્છમાં દેઢિયા ગામે પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજીના હસ્તે ફેબ્રુઆરી ૨૦૧૪ માં કરાવવામાં આવશે.

**પ્રતિષ્ઠા :** નૂતન પરિકરની પ્રતિષ્ઠા મહોત્સવ રૂપે શુભ મુહૂર્તે અથવા દેરાસરની વર્ષગાંઠના દિવસે વૈશાખ સુદ ૧૧ના કરવામાં આવશે.

આશા છે આપ જરૂર પધારશો કરણ કરાવણ ને અનુમોદન સરિખા ફળ નિપજાવે માટે મહારાજ સાહેબને વાંદવા, બોલી બોલવા અને અનુમોદના કરવા જરૂરથી હાજર રહેશો અને સાથ સહકાર આપશો એવી અભ્યર્થના.

શરતયુક્ત થી કોઈપણ ક્ષતિ રહી ગઈ હોય તો ત્રીવીધે ત્રીવીધે મિચ્છામિ દુક્કડમ્...

**લી. બીપીન પાશ્વીર નાગડા (માનદ્ મંત્રી - ટ્રસ્ટી)**

તા.ક.: આ કાર્યક્રમની માહિતી અને પધારવાની વિનંતી આપણા ગામના આપના સગા વહાલા-મિત્રો તેમજ આપની નિયાણી બહેનોને જાણ કરી પધારવાની કૃપા કરશોજી.

UPASANA - 98201 67767

# દાનના ત્રણ કિસ્સા - પ્રવિણચંદ્ર શામજી ધરમશી (સુરત)

મોટા ભાગના ધર્મોમાં દાનનો ખુબ જ મહિમા છે. આપણા જૈન ધર્મ અને કર્મના ત્રણ મુખ્ય સિદ્ધાંતો છે દયા, દાન અને દીક્ષા. દયા અને દાન સંસારમાં રહીને કરી શકાય છે જ્યારે દિક્ષા લેવા માટે સંસારને ત્યાગવો પડે છે. આ ત્રણે સાથે ક્રિયાપદો જોડાયેલા છે. દયા કરો, દાન આપો અને દિક્ષા લ્યો (અંગિકાર કરો). મનુષ્ય આપવા કરતાં લેવા માટે હંમેશા તત્પર હોય છે પણ કદાચ દિક્ષા આ બાબતમાં અપવાદ છે.

દાનના અનેક પ્રકાર હોય છે જેમકે અન્નદાન, રક્તદાન, વસ્ત્રદાન, દેહદાન વગેરે આજકાલ તો સુરૂચિનો ભંગ થાય તેવા દાન પણ થાય છે અને વિષય પર ફિલ્મો પણ બને છે જેમકે વીકી ડોનર ! કેટલીકવાર અકસ્માતમાં વ્યક્તિ 'બ્રેન ડેડ' થઈ જાય છે ત્યારે ઘણાં લોકો તે 'બ્રેન ડેડ' વ્યક્તિના અવયવો દાન કરે છે જેથી અન્ય વ્યક્તિઓને આ નવા અવયવો મળવાથી તેમનું જીવન બદલાઈ જાય છે. અમારા નજીકમાં રહેતા એક ભાઈની બંન્ને કિડની 'ફેઈલ' થતાં તેમની પત્નીએ પોતાની એક કિડની એમને આપીને જીવનદાન આપેલ છે.

આપણા પૂર્વજો દાન વિષે કહી ગયા છે કે 'સુપાત્રને દાન આપો' અને દાન આપનારની ભાવનાને પણ સમજો. માત્ર નામ માટે આપેલું દાન એ દાન નહીં પણ દામ છે. એટલે દાન આપતાં પહેલાં પાત્રની સુપાત્રતા કે દાન લેતાં પહેલાં દાતાની ભાવના બાબત આપણે નાદાન ન રહીએ તે જરૂરી છે.

બે એક મહિના પહેલા સરકારી કામ માટે સુરતની સરકારી બહુમાળી મકાનમાં જવાનું થયું. બપોરના ભોજન લેવા માટે ત્યાં ચાલતી કેન્ટીનમાં ગયો. હું કેન્ટીનમાં દાખલ થઈ રહ્યો હતો ત્યારે કેન્ટીનની બહાર લગભગ ૨૦-૨૨ વર્ષનો એક તરૂણ વિકલાંગ માટેની 'ટ્રાયસિકલ' પર બેઠેલો હતો. તેનો એક પગ ગોઠણથી નીચે સુધીનો કપાઈ ગયો હતો અને તેણે તેનો 'જયપુર ફુટ' કાઢીને પાસે રાખેલો. મને કહે "સાહેબ ભુખ બહુ લાગી છે થોડા પૈસા આપો." તેની સ્થિતિ જોઈને મને દયા આવી. કેન્ટીનના મેનેજરને મેં કહ્યું કે આ યુવકને એક થાળી તેની 'ટ્રાયસિકલ' પર મોકલી આપજે અને તેનું બીલ મારા બીલમાં જોડી નાખજે. મેનેજરે તે પ્રમાણે કર્યું. જમીને હું બહાર નિકળ્યો તો ફરી પાછું તે યુવકે મારી પાસે પૈસાની માગણી કરી સાંજના ચારેક વાગ્યે મારું કામ પુરૂ થયું તેથી ચા-નાસ્તા માટે પાછો કેન્ટીન પર આવ્યો તો તે યુવકે ફરીથી પૈસાની માગણી કરી. તાત્પર્ય એ છે કે તેને ભોજનની નહીં પણ પૈસાની જરૂરત હતી. કદાચ વિકલાંગ હોવાથી આ તેની મજબૂરી પણ હોઈ શકે.

બીજા એક કિસ્સામાં મારા મિત્રના પરિવારમાં કોઈ વ્યક્તિ હોસ્પિટલમાં દાખલ થઈ અને તેને લોહીની જરૂર


॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી આશાપુરા માતાય નમઃ ॥ ॥ શ્રી ખેતરપાળ દાદાય નમઃ ॥

## ભાવભર્યું આમંત્રણ

**બાંઢીયામાં બીરાજમાન શ્રી આશાપુરામાં તથા ખેતરપાળ દાદાજીને નમતા જખૌ તથા બાંઢીયા ગામના મૈશેરી પરિવારના ભાવિકો જોગ,**

બાંઢીયામાં બિરાજમાન શ્રી આશાપુરા માં તથા ખેતરપાળ દાદાને નમતા ભાવિકો તથા નિયાણી બહેનોને જણાવતા ખુશી થાય છે કે આ વરસની આઠમી સમુહ પહેડી ગીત-સંગીત અને રાસ ગરબાની રમઝટ સાથે **તા.૨૦.૧૦.૨૦૧૩**ને રવિવારના સાંજે ૪ થી ૮ વાગ્યા સુધી ટેનીસ ક્લબ હાઉસ-કુકરેજા કોમ્પ્લેક્સ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે)માં રાખેલ છે.

સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા હાર્દિક આમંત્રણ છે. સમુહ પહેડીમાં જે ભાવિકોને લાભ લેવું હોય તેઓ નીચેના મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી. આરતી તથા થાળની ઉછામણી બોલીને લાભ લેવા વિનંતી.

**સંપર્ક : ભોઇમાં મમતા અમીષ મૈશેરી – 9870763677**

ખાસ નોંધ : સમુહ પહેડીમાં કોઈએ પણ કાળા વસ્ત્ર પહેરીને તથા કોઈ પણ કાળી વસ્તુ લાવવી નહીં.

**સમુહ પહેડી :** રવિવાર તા.૨૦.૧૦.૨૦૧૩ સાંજે ૪ થી ૮

**સ્થળ :** ટેનીસ ક્લબ હાઉસ, કુકરેજા કોમ્પલેક્સ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ - ૭૮.

પડી. મારા મિત્રે અગાઉ ત્રણ-ચાર વાર રક્તદાન કરેલ તેથી તેની પાસે 'કુપન' હતી. મારા મિત્રે પોતાનો પુત્રને આ કૂપનો લઇને અમૂક અમૂક રક્ત બેંકમાં જઇને જરૂરિયાત પ્રમાણેના લોહીના ગ્રુપનું ડોક્ટરના પ્રિસ્ક્રીપશન પ્રમાણે એટલી માત્રામાં લાહી લઇ આવવા મોકલ્યો. મિત્રનો પુત્ર એકાદ કલાક પછી પાછો આવ્યો અને જરૂરી રક્ત લઇ આવ્યો પણ તેણે જે વાત કરી સાંભળીને મારા મિત્રને ખુબજ નિરાશા થઇ. પુત્રે કહ્યું કે "ચારમાંથી બે કુપનની વેલીડીટી પુરી થઇ ગઇ હતી જે રક્તદાનના દિવસથી એક વર્ષ માટે હતી. બાકીની બે કુપન બદલ રક્તની કિંમતમાં ૨૫% વળતર રક્ત બેંકે આપ્યું." મારા મિત્રે નક્કી કર્યું કે હવેથી રક્તની જ્યારે પણ જેને જરૂર પડે ત્યારે લાભાર્થીને જ સીધું આપવું. રક્તદાન મેળા કે કેમ્પમાં રક્તદાન ન કરવું.

આ કિસ્સો સુરતમાં રહેતા અન્ય રાજ્યના નાગરિકોની વિકાસ સમિતિનો છે. અત્યારે આ રાજ્યના લગભગ ૨૫ હજાર જેટલા નાગરિકો સુરતમાં રહે છે જેમાંના ઘણા સાધન સંપન્ન છે. લગભગ ૧૫ વર્ષ પહેલાં આ સમિતિના ૫ હજાર જેટલા સભ્યો હતા ત્યારે સસ્તામાં લગભગ એક હજાર વર્ગ વારનો પ્લોટ શહેરના સારા વિકસીત વિસ્તારમાં હોઇ પ્લોટની કિંમત અનેકગણી વધી ગઇ અને ખાસ તો તેની ધંધાદારી ઉપયોગીતા પણ વધી ગઇ. આ સમિતિના તત્કાલીન પ્રમુખે સંસ્થાના એક સમારંભમાં જાહેરાત કરી કે 'આપણી હાલની ૨૫ હજારની સભ્ય સંખ્યા માટે આ પ્લોટ નાનો પડશે તેથી આપણે આ પ્લોટને વેંચી નાખીએ અને શહેરના સીમાડા પર ૫૦૦૦ વારનો નવો પ્લોટ લઇને સંસ્થાનું મકાન બનાવીએ પોતાના માતુશ્રીનું નામ જો તેમાં ઉભી થનાર ઇમારતને આપવામાં આવશે તો તેમના પરિવાર તરફથી સમિતિને ૫૧ લાખનું દાન આપવામાં આવશે.' આ પ્રસ્તાવ મંજૂર થઇ ગયો. જૂનો પ્લોટ વેંચાઇ ગયો. જ્યાં શોપીંગ મોલ બને છે. નવો પ્લોટ લેવાઇ ગયો પણ ત્યાં હજી બાંધકામ નથી થયું. આ સમિતિના ભૂતપૂર્વ પ્રમુખ મારા મિત્ર છે તેમણે મને જણાવ્યું કે "શાહ સાહબ, એ હાઇલેવલ સોફેસ્ટીકેડેટ સ્કેમ હૈ, હમારે અધ્યક્ષજીને ઇકાવન લાખ દાનમેં દે કર જમીન લે-વેચ મેં દો કરોડ કમાયે" હાલમાં આ બાબતને લઇને બે ગ્રુપ પડી ગયા છે. વાદવિવાદ અને આક્ષેપોની ભરમાર ચાલુ થઇ ગઇ છે. આ મુદ્દાને લઇને આ સમિતિ છેલ્લા ત્રણ વર્ષમાં કોઇ સ્નેહમિલન નથી કરી શકી.

આવા કિસ્સાઓ સાંભળીને કે અનૂભવીને ક્યારેક લાગે કે પ્રત્યક્ષ દાન કદાચ ઉત્તમ છે. લગભગ આવા જ મતભેદ એક જૈન સામાજીક ગ્રુપમાં છે કે સભ્યોના વાર્ષિક ફાળામાંથી ગ્રુપે શા માટે પોતાના નામનો ફાળો દાનમાં આપવો અને અન્યત્ર દાન કરવું તેથી આ ગ્રુપે દાન માટે અલગથી ફાળો લેવાનું નક્કી કરીને વાતને સમયસર વતેસર બનતાં રોકી.

## શ્રી ક.દ.ઓ. ઘાટકોપર-વિદ્યાવિહાર-ચેમ્બુર
## જી.વી.સી. લેડીસ વીંગનો સમાજોપયોગી કાર્યક્રમ

***'ગેરેજ સેલ'*** જી.વી.સી. સંઘ લેડીસ વીંગ દ્વારા એક સેલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આપને મળેલ ભેટ-સોગાદ-લાણી યા કોઇ પ્રસંગે મળેલ વસ્તુઓ કે જેનો આપે કોઇ ઉપયોગ ન કર્યો હોય કે તેની જરૂરત ન હોય તેવી વસ્તુઓ પરદા, બેડશીટ, વાસણ, ક્રોકરી, બેગ, કપડાં, રમકડાં વગેરે અમને આપી શકો છો. જેના વેંચાણમાંથી ઉપજેલ રકમ **સમાજસેવા કાર્યમાં** વપરાશે. વેચાણનું આયોજન **તા.૨૧-૨૨ ઓક્ટોબર ૨૦૧૩**નાં છે. વધુ વિગત માટે અમારા સભ્યોનો સંપર્ક સાધી શકો છો.

**સંપર્ક**

**ચંદ્રીકા લોડાયા - 9004093959**
**મીનાક્ષી અજાણી - 9867887970**
**લીના લોડાયા - 9769411010**
**શોભા લોડાયા - 9322088239**



**કલ્પના મૈશેરી - 9773200486**
**ચાંદની ખોના - 9167710646**
**રાજશ્રી શાહ - 9987693334**
**લતા કુરવા - 9324028932**

**હંસાબેન શાહ - 99819881381**

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon - MH. 424101.

## Interesting Anecdotes

One day lord Krishna accompanied his friend and disciple Arjuna to the house of a rich money lender. It was a hot summer day and both of them looked forward to some cold drinks and a few snacks just to freshen themselves. Things are however, not always as one expects them to be. The money-lender was a stingy person. He did not offer them anything except a couple of diplomatic terms. Nevertheless, Krishna blessed the moneylender with so many attributes and wished that the almighty might give him a heap of riches so that he might wallow in wealth throughout his life. When they had traversed some distance, Arjun expressed his annoyance at this strange behaiour of Krishna. Krishna kept mum.

Next they passed by the house of a Brahmin. They were received very kindly by the Brahmin. He entertained them well with good food and drinks. As Krishna and Arjuna were eating the Brahmin's cow started belching. The Brahmin rushed out to look into the cow's needs. In this way he had to show his indifference to his guest several times for the sake of the cow. On leaving his house Krishna thanked the Brahmin and blessed him with these words, "May you lose your cow.!". the Brahmin did not speak a word. After they head gone out of the village, Arjun could not control his anger.

"Well, Krishna, your ways are strange. You blessed the greedy and heartless moneylender with heaps of wealth and wished curse for the cow of the kind hearted Brahmin who extended us so much hospitality. This clearly implies that you care a fig for nicety and good behavior in life. am I right ?"

"No my friend, you are wrong, "said Krishna. "In fact I am the well wisher of the goodly Brahmin. His cow is the only distraction in his journey towards God."

I have wished him to be free from this diversion so that he can devote his yogic practices with utmost concentration and single mindeness. On the other-hand by wishing heaps of wealth for the crafty moneylender I have ordained all sorts of worries and tribulations for him because wealth is the root of troubles. It keeps us away from God. As such, Of Arjuna, his deliverance form the clutches of maya will be delayed-delayed immensely. He will realize it in due course of time.

***Proverbs ar lamps to life***

1) The best way to succeed in life is to act on the advice and you give to others.

2) as long as you live, keep learning how to live.

3) we make a living by what we get, we make a life by what we give.

4) give the world the best your have and the best will come back to you

***Amazing facts***

The Colorado sate is called as the 'mother of rivers' for more rivers rise in Colorado then in any other state.

2) the 203 carat 'de beers' 'millennium star' a fine flaw from South Africa was on show in the millennium dome in United Kingdom.

3) china's mightiest river, the Yangtse is the fourth largest river in the river in the world. It is not as long as the nile river but in terms of human beings who depend on it, does not have any equal. One-tenth of the entire human race lives in its basin.

***Amazing figures***

Adansonia trees are native to Africa, Madagascar and Australia. The tree has a thick, swollen trunk, sometimes up to 12 meters in diameter. Its trunk is very big and in some hollow trees people live. Some hollow trees store about 4500 liters of water. Their guardedly woody fruit shells are used as pots and vessels.

2) The central part of a 2 kilometer long double lane floating road bridge in Guyana (South America) is opened and closed twice a day to allow ships sailing towards the sea on

Demerara river to pass at high tide. It is opened with the aid of controls and switch gear made by the Siemens firm of Germany.

3) The bee is the only means of pollinating 1,00,000 different types of plants. Without the bee we would not have apples pears, peaches, plums cherries, apricots, raspberries, gooseberries, melons, peas, cloves etc..

***If you act like a human being***

If you choose to work, you will succeed ; if you don't you will fail.

If you neglect your work, you will dislike it, if you do well you will enjoy it.

If you join small groups you will be self satisfied ; if you make friends widely, you will be interesting.

If you gossip, you will be disliked ; if you mind your own business, you will be liked

If you act like fool, you will be avoided ; if you act like a human being you will be respected.

If you reject wisdom, wise people will reject you, if you seek wisdom they will seek you.

If you adopt a pose of boredom, you will be a bore ; if you show vitality, you will be alive.

If you spend your time playing bridge, you will be a good bridge player, if you spend it reading, discussion and thinking of things that matter, you will be an educated person...

***Word power***

Today's word is **'The floating road bridge of Guyana'.** Make as many words from this group of words and sent it to Mrs Neelam Dalesh Momaya (Chalisgaon) This weeks prize goes to Hemal Paresh Dand (Goa) For her 1140 Words. Congratulations. Keep it up.

***By the Bye***

The Thing That Goes The Farthest, Makes Life Worthwhile, Which Costs The Least But Does the Most is Nothing But a Pleasant Smile.

**પરસ્પર સમંતિથી છુટાછેડા**

**૧૬.૯.૨૦૧૩**

ડોંબિવલી - **હિતેશ શાંતિલાલ વીશનજી દંડ** સાંધવ૩૦

ભુજ - **રોહિણી મણશી રતનશી ડાઘા** વરાડીયા ૨૯



**મરમજા મોતી** : બે પંક્તિમાં અંકિત

કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૩૯)

**- સોમ ધરમશી** (કચ્છ)-09726776627

***અતીતમેં ઉતરી વિનોં, ત કાં હરખ કાં સોક;***
***વરે નકો સરે 'તેજ', થીએ અંધરકે ઓખ.***

**શબ્દાર્થ :** અતીત-ભુતકાળ, અંધર-આત્મા, અંદર ઓખ-અકડામણ, અગવડતા.

મુંબઈની નોકરીમાંથ નિવૃત થયા બાદ છેલ્લા ૧૦ વર્ષથી કચ્છમાં ૭૨ જિનાલય નજીક ગુણપુરી નગરમાં રહું છું ત્યાં એક નાનકડો બગીચો છે. બેસવા માટે ચાર પાંચ બેન્ચો અને એક ઓટલો છે.

મુંબઇનાં નાના રૂમમાં પોતાનાં પુત્ર-પુત્રવધુઓ સાથે તાલમેલ ન મેળવી શકનાર કેટલાય વૃધ્ધ મા-બાપો અહીંયા વસે છે અને સાંજે બગીચાની બેન્ચો પર બેસી તેમનાં ભવ્ય ભુતકાળનાં સંસ્મરણોમાં ઉતરી પડે છે. ક્યારેક તેમની આંખોમાં હાસ્ય-આનંદની લહેરખી દેખાય છે તો ક્યારેક આંસુની હેલી. એક બીજાનાં સુખ-દુઃખની આપ-લે કરતાં આ વૃધ્ધોનો વાર્તાલાપનો સુર હોય છે 'વો ભી કયા ગુઝરા હુઆ જમાના થા' અને આજના સામાજીક જીવન સાથે સરખાવતાં દુઃખી, દુઃખી થતા હોય છે.

આ દશ્યો જોઇ કવિ શ્રી તેજની મર્મસભર ઉપરની બે પંક્તિઓ માનસપટ પર ઉતરી આવી. જેમાં તેમણે પોતાના અનુભવનો આધાર લીધો છે. માનવી હમેંશા વર્તમાનને ભજી ભુતકાળમાં સરી પડતો હોય છે. પણ એ ભુતકાળને સ્મરતાં કાં તો હરખ થતો હોય છે પણ મહદ અંશે દુઃખ થતું હોય છે. એ ભુતકાળને યાદ કરીને કંઇ વળતું નથી તેથી જ મર્મીલા કવિ તેજ બીજી પંક્તિમાં કહે છે કે ''વરે નકો સરે'' કાંઇ વળતું નથી કે કોઇ જાતનો ફાયદો થતો નથી. ફક્ત એ યાદોને મમળાવી વધારે પડતાં નિસાસા નાખવાનો વારો આવે છે.

કવિ તેથી ઉપરોક્ત પંક્તિઓ દ્વારા જીવનને આનંદથી વ્યતીત કરવાં માટે સંદેશો આપે છે કે આ ક્ષણને જીવી જાઓ, આ પળને માણી એનો ઉત્સવ કરો. ભુતકાળને વિસરો અને ભવિષ્યનાં સોહામણાં સ્વપનાં, જે કાદચ સાકાર ન થાય તો દુઃખની લાગણીનો અનુભવ થાય તેના બદલે જીવનની દરેકે દરેક પળને માણો.

અહીં જુના વખતની ફિલ્મનું એક ગીત સ્મરણ પટ પર રૂમઝુમ કરતું યાદ આવે છે. ***''આગે ભી જાને ના તુ, પીછે ભી... જાને ના તુ બસ યહી એક પલ હૈ...''***

ભવિષ્યમાં પણ શું થવાનું છે તે પણ આપણે જાણી શકતા નથી તો એ વિચારો કરી કરી માનસિક તણાવ ઉભો કરી જીવવા કરતાં આ સોનેરી વર્તમાન ક્ષણોનો આનંદ લ્યો. કોઇક કવિએ સાચું કહ્યું છે.

**''ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે.**
**વિધાતાએ લખ્યા લેખ, તે ભજવી જવાનાં છે.''**

## આપણી વસતીના કચ્છનાં ગામોની કુલ જનસંખ્યા

સં. મહેન્દ્ર લખમશી મોતા (અમદાવાદ)

૧૯.૧૨.૧૨ના ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થયા હતા તે વખતે 'કચ્છમિત્ર'માં પ્રગટ થયેલ માહિતીના આધારે.

| ગામ | કુલ ઘર | પુરૂષ | સ્ત્રી | કુલ | કુલ મતદાર | પિનકોડ |
|---|---|---|---|---|---|---|
| આરીખાણા | ૧૭૮ | ૪૪૮ | ૪૧૧ | ૮૫૯ | ૫૭૩ | ૩૭૦૬૪૫ |
| બાંઢીયા | ૧૯૨ | ૪૫૪ | ૪૪૩ | ૮૯૭ | ૫૫૩ | ૩૭૦૬૨૦ |
| છાદુરા | ૧૩૫ | ૩૧૮ | ૩૧૨ | ૬૩૦ | ૩૫૮ | ૩૭૦૬૫૫ |
| મોટી ધ્રુફી | ૧૬૫ | ૪૧૬ | ૪૧૮ | ૮૩૪ | ૪૧૮ | ૩૭૦૬૬૦ |
| નાની ધ્રુફી | ૧૧૩ | ૨૮૨ | ૨૭૩ | ૫૫૫ | ૩૮૨ | ૩૭૦૬૬૦ |
| ડુમરા | ૫૬૦ | ૧૪૫૩ | ૧૩૬૦ | ૨૮૧૩ | ૨૦૧૨ | ૩૭૦૪૯૦ |
| જખૌ | ૧૦૩૩ | ૨૭૧૬ | ૨૬૫૩ | ૫૩૬૯ | ૨૬૪૭ | ૩૭૦૬૪૦ |
| જશાપુર | ૮૩ | ૧૮૫ | ૧૭૯ | ૩૬૪ | ૪૨૫ | ૩૭૦૬૫૫ |
| કોઠારા | ૧૦૬૯ | ૨૯૬૦ | ૨૭૧૦ | ૫૬૭૦ | ૩૦૧૬ | ૩૭૦૬૪૫ |
| કુવાપધર | ૧૨૬ | ૩૩૨ | ૩૨૦ | ૬૫૨ | ૧૧૬ | ૩૭૦૬૬૦ |
| લાખણીયા | ૧૭૨ | ૩૬૫ | ૩૫૯ | ૭૨૪ | ૩૬૧ | ૩૭૦૬૬૦ |
| લાલા | ૨૬૧ | ૬૮૨ | ૬૬૦ | ૧૩૪૨ | ૩૮૫ | ૩૭૦૬૪૦ |
| મંજલ રેલડીયા | ૧૯૮ | ૪૭૬ | ૫૦૮ | ૯૮૪ | ૬૦૮ | ૩૭૦૪૯૦ |
| નલીયા | ૨૩૯૫ | ૫૮૯૮ | ૫૫૧૭ | ૧૧૪૧૫ | ૫૯૬૫ | ૩૭૦૬૫૫ |
| પરજાઉ | ૧૬૪ | ૪૫૨ | ૩૭૯ | ૮૩૧ | ૫૬૮ | ૩૭૦૬૪૦ |
| રાણપુર | - | - | - | - | - | - |
| રાપરગઢવારી | ૮૩ | ૨૦૨ | ૧૯૯ | ૪૦૧ | ૨૪૧ | ૩૭૦૬૪૫ |
| રવા | ૧૮૩ | ૪૫૭ | ૪૬૮ | ૯૨૫ | ૫૫૨ | ૩૭૦૬૪૫ |
| રાયધણજર | ૧૦૭ | ૨૭૯ | ૨૬૨ | ૫૪૧ | ૫૧૦ | ૩૭૦૪૯૦ |
| સાંધાણ | ૩૮૧ | ૮૯૧ | ૮૬૭ | ૧૭૫૮ | ૧૦૭૯ | ૩૭૦૪૯૦ |
| સાંધવ | ૧૫૧ | ૪૧૭ | ૩૬૨ | ૭૭૯ | ૪૬૬ | ૩૭૦૬૪૫ |
| સાંયરા | ૧૫૭ | ૩૮૭ | ૩૭૦ | ૭૫૭ | ૫૧૨ | ૩૭૦૬૪૫ |
| મોટીસીંધોડી | ૧૮૭ | ૪૦૭ | ૪૦૨ | ૮૦૯ | ૫૧૩ | ૩૭૦૬૪૦ |
| નાનીસીંધોડી | ૪ | ૨૪ | ૧ | ૨૫ | - | - |
| સુજાપુર | ૧૧૮ | ૩૬૮ | ૩૩૩ | ૭૦૧ | ૪૩૯ | ૩૭૦૬૬૦ |
| સુખપુર | ૨૭ | ૫૯ | ૫૬ | ૧૧૫ | - | ૩૭૦૬૫૫ |
| સુથરી | ૫૬૮ | ૧૪૩૯ | ૧૪૬૭ | ૨૯૦૬ | ૧૬૨૦ | ૩૭૦૪૯૦ |
| તેરા | ૬૧૧ | ૧૩૮૧ | ૧૩૩૪ | ૨૭૧૫ | ૧૯૫૯ | ૩૭૦૬૬૦ |
| વંઢી | ૯૬ | ૧૮૬ | ૨૦૨ | ૩૮૮ | ૨૯૬ | ૩૭૦૪૯૦ |
| વાંકુ | ૨૫૩ | ૬૭૫ | ૬૫૭ | ૧૩૩૨ | ૧૦૧૨ | ૩૭૦૬૪૫ |
| વરાડીયા | ૫૫૦ | ૧૩૬૩ | ૧૩૬૪ | ૨૭૨૭ | ૧૫૮૬ | ૩૭૦૬૪૫ |
| વારાપધર | ૧૮૧ | ૪૩૫ | ૪૧૪ | ૮૪૯ | ૫૨૦ | ૩૭૦૬૪૫ |
| બાયઠ | ૩૨૬ | ૮૫૨ | ૮૧૫ | ૧૬૬૭ | ૯૨૪ | ૩૭૦૪૭૫ |
| ગોધરા | ૮૯૦ | ૨૧૩૭ | ૨૨૭૮ | ૪૪૧૫ | ૨૫૭૮ | ૩૭૦૪૫૦ |
| કોટડી | ૨૩૩ | ૫૭૩ | ૪૬૫ | ૧૦૩૮ | ૬૫૯ | ૩૭૦૪૫૦ |
| નાગ્રેચા | ૧૩૪ | ૨૯૫ | ૨૭૦ | ૫૬૫ | ૩૯૫ | ૩૭૦૪૫૦ |
| માંડવી | ૧૦૩૪૬ | ૨૬૦૭૫ | ૨૫૩૦૧ | ૫૧૩૭૬ | ૩૨૧૭૯ | ૩૭૦૪૬૫ |
| બારોઇ | ૩૮૫૬ | ૮૩૧૮ | ૬૬૩૬ | ૧૪૯૫૪ | ૪૧૭૧ | - |
| ગોએરસમા | ૧૯૫ | ૫૧૦ | ૪૭૯ | ૯૮૯ | ૫૧૪ | ૩૭૦૪૧૧ |
| લુણી | ૬૦૩ | ૧૬૯૬ | ૧૬૮૩ | ૩૩૭૯ | ૧૯૩૬ | ૩૭૦૪૧૧ |




## અકસ્માત મૃત્યુ વીમા યોજના

હાલમાં 'પ્રકાશ-સમીક્ષા'માં અકસ્માતમાં મૃત્યુ પામવાવાળાને વીમો મળવો જોઇએ. એવી સ્કીમ સમસ્ત મહાજન તરફથી બહાર પાડવામાં આવી છે. જ્ઞાતિમાં દર વરસે અકસ્માતથી મૃત્યુ પામનાર કેટલા લોકો હશે? કદાચ સો માંથી ત્રણ કે ચાર અથવા આખી જ્ઞાતિમાંથી ત્રણ કે ચાર, બિમારીથી મૃત્યુ પામનાર કેટલા લોકો હશે? અનેક. લગભગ સોમાંથી ૬૦ લોકો મોટી બિમારી સમયે ઉચિત ઉપચાર આર્થિક અડચણના કારણે ન મળવાથી મરનાર લોકોની સંખ્યા સો માંથી ૩૦ જેવી હશે. ઘણાં લોકો એવા પણ છે જે અનેક વરસોથી બિસ્તર પર છે. ઉચિત ઉપચારનો અભાવ, પૈસાની તંગીના કારણે યાતનામાં જીવન વ્યતિત કરે છે. આવા અનેક લોકોને ખેરખર પૈસાની ખુબજ જરૂર છે. આવા લોકોને સ્થાનિક ડૉક્ટરો પાસેથી ઉચિત ઉપચાર મળવો જોઇએ. ફીસ અને દવાના પૈસા સમસ્ત મહાજન વહન કરે તો કેવું સારૂં ?

સમસ્ત મહાજનના માધ્યમથી સ્થાનિક મહાજન અગર પોતપોતાના ગામમાં ગરીબ કોઇ જ્ઞાતિજનના દવાનો અભાવ, શિક્ષણનો અભાવ, ઘરનો અભાવ જેવી અનેક સમસ્યાઓ પર ધ્યાન આપે તો જ્ઞાતિમાં કોઇ પણ વ્યક્તિ દવા, શિક્ષણ અને ઘરથી વંચિત ન રહે. આ દિશામાં અવશ્ય ધ્યાન આપવું જોઇએ.

**નાગપુર-૨૯.૮.૧૩ સૌ.પુનમ (ખમા) પ્રફુલ મોમાયા**

## દૃઢ તપોબળની ભાવનાને સલામ

તીરપુર રૂડું ગામ છે. શ્રી સુવિધિનાથ દાદાનું સુંદર દેરાસર છે. કોઇમ્બતુરમાં પુ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.નુ ચાતુર્માસ છે જેમાં શિબિરનું આયોજન થયું. અમો બધા શ્રી સંઘ સાથે મળીને દર રવિવારે શિબિરમાં ભાગ લેવા કોઇમ્બતુર જતા હતા. પુજ્યશ્રીએ શિબિરમાં અઠ્ઠાઇતપ કરવાની પ્રેરણા આપી.

દૃઢ ભાવનાથી તપની શરૂઆત કરો તેની રજુઆત કરી. ચિ. કીંજલ દિલીપ નાગડા (ઉં.વર્ષ ૧૪) એને ખૂબ ભાવના થઇ, પોતાના દાદાને વાત કરી પાસ લઇ ભાવના ભાવી. પર્વ પર્યુષણમાં ૭૦ વર્ષનાં દાદા શ્રી માણેકજી વેરશી નાગડાએ પૌત્રી કીંજલને સાથ આપ્યો અને બંન્નેની અઠ્ઠાઇ દેવ-ગુરુ કૃપાથી સુંદર રીતે થઇ.

આપણે અનુમોદના તો કરવીજ પડે ને આ સુંદર દાદા-પોત્રીની જોડીને.

**- રશ્મી બુધ્ધીધન મોમાયા (તિરપુર)**

## પ્રાર્થનાસભા આયોજનમાં પરિવર્તન

આજે સ્વજન ગુમાવ્યાના શોકમાં ડૂબેલી વ્યક્તિના પરિવારને દિલાસો આપવા, સાંત્વન કરવા અને તેમના દુઃખમાં ભાગીદાર થવા પ્રાર્થનાસભામાં જઇએ છીએ. આ પ્રાર્થનાસભામાં, પ્રાર્થના કરનાર ગાયકવૃંદ મોટી ફી લઇ માઇક પર વિદાય લીધેલી વ્યક્તિના ગુણગાન ગાય છે અને પ્રાર્થનાગીતો ગાય છે.

આત્મીયતા કેળવવા એક બીજાને નજીકથી રૂબરૂ મળી પોતાનો દિલાસો વ્યક્ત કરવા, તેમના દુઃખમાં ભાગીદાર થવા, એકબીજાને ભેટી સંવેદના પ્રગટ કરવા, એકબીજાને રૂબરૂ મળી શકે અને સ્નેહની આપ-લે થાય એવી તક મળતી નથી.

આજે પ્રાર્થનાસભાના આયોજનમાં આપણે નોંધનીય ફેરફાર આણી શકીએ.

આજે પ્રાર્થનાહોલના મોટા ભાડાં, માઇક સીસ્ટમ અને ગાયકવૃન્દનો ખર્ચ વિગેરે નાના માણસની પહોંચ બહારના છે. મુંબઇ જેવા વ્યસ્ત જીવનમાં સમય કાઢવો, લાંબેથી ટ્રાવેલીંગ કરી આવવું. ટ્રેનમાં ભીસાવું વિગેરેનો વિચાર અને વ્યવહાર સાચવવા માટેના પ્રયાસોના પર્યાયરૂપે કોઇક આસાન વ્યવહાર, ઉકેલ અને સૂચનો આવકાર્ય બને. આ સંવેદનશીલ બાબત પર રચનાત્મક પગલાંરૂપે પરિવર્તનને અવકાશ છે.

**મુલુન્ડ-૧૦.૯.૧૩ -કુલીનકાંત ચાંપશી લુઢિયા**

## જાણવા જેવું

રોજના ૭૫ લાખ પ્રવાસી એક લોકલ ટ્રેનમાં સવા બે હજાર પ્રવાસીઓની ક્ષમતા-પ્રત્યક્ષમાં પાંચ હજારથી વધુ પ્રવાસી પ્રવાસ કરે છે.

ગર્દીના સમયમાં એક ચોરસ મિટરની જગ્યામાં લગભગ ૧૭થી ૧૯ પ્રવાસી ભરેલા હોય છે.

સ્વીડનમાંના એક શહેરમાં દિવસભરમાં જેટલા લોકો રેલ્વેથી પ્રવાસ કરે છે તેટલાં લોકો મુંબઇની એક લોકલમાં પ્રવાસ કરે છે.

ભારતમાં સર્વ સ્કુલો, કૉલેજ, હૉસ્પિટલ્સ, લેબ્સ, સરકારી કચેરીઓના વેસ્ટ પેપર્સ કાગળો જમા કરીએ તો સંપૂર્ણ દેશના તટપર દશ ફૂટ ઉંચી કાગળની દિવાલ બાંધી શકાય.

## પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### કચ્છમાં સર્વત્ર સારો વરસાદ

૨૬.૯.૧૩ના સમગ્ર કચ્છમાં સારો વરસાદ થતાં પાણી અને ઘાસચારાની તંગીની ચિંતા ટળી છે. વતનમાં સારા પ્રમાણમાં વરસાદ પડતાં સર્વે કચ્છીઓમાં ખુશીની લહેર પસરી છે. ભુજ, અબડાસા, નખત્રાણા, માંડવી આદિ તાલુકાઓમાં મોસમનો વરસાદ અપુરતો થયો હોવાથી ચિંતા થઇ રહી હતી પણ મોડેથી પણ સારું ચોમાસું જામ્યું. ૨૬.૯ના જખૌમાં એક દિવસમાં ૧૭ ઇંચ વરસાદ થયેલ. ભુજનું હમીરસર તળાવ ઓગનાઇ ગયું.

આ અતિ વરસાદથી અબડાસાના કેટલાક ગામોમાં તારાજી સર્જાઇ છે અને અતિવૃષ્ટીથી પૂર-હોનારતમાં જાનહાનીના પણ સમાચાર છે.

### કલીકટમાં પર્યુષણ પર્વની ઉજવણી

અત્રે શ્રી કલીકુંડ પાર્શ્વનાથ જિનાલયમાં પર્યુષણ પર્વ રૂડી રીતે ઉજવાયેલ. સ્વપનાનું કુલ ઘૃત ૩૨૨૩૪૩ મણ થયેલ. પર્વ દરમ્યાન કુલ ઘૃત ૩૭૫૪૯૩મણ થયેલ.

કલ્પસૂત્ર ૮૦૧ મણમાં શ્રી મનીષ લખમશી લોડાયાએ ઘરે પધરાવવાનો લાભ લીધેલ અને રાત્રી જાગરણની ભાવના એમના નિવાસસ્થાને રાખેલ.

પ્રભુજીનું પારણું ૧૫ મણમાં શા. હેમેન્દ્ર અમરચંદ દોશીએ પધરાવેલ. પર્વ દરમ્યાન આરાધના કરાવવા મુંબઇથી આર્યરક્ષિત વિદ્યાપીઠના શ્રી નીખીલભાઇ હરીયા, શ્રી નમનભાઇ તથા શ્રી પલકભાઇ પધારેલ અને ધર્મ આરાધના બહુજ સારી રીતે કરાવેલ. અત્રે પર્યુષણ પર્વ અને દેરાસરજીનાં બધાજ કાર્યક્રમ અચલગચ્છ અને તપાગચ્છ હર વરસે સાથે મળીને ઉજવે છે અને બધા મળીને લગભગ ૧૭૫ પરિવાર છે.

પર્યુષણ પર્વ બાદ ૧૫.૯.૧૩નાં અત્રેથી લગભગ ૧૦૦ જણાં ચૈત્ય પરિપાટી માટે બડગરા શ્રી વિમલનાથ દાદાનાં જિનાલય દર્શને ગયેલ અને એની બધીજ વ્યવસ્થા વી.એસ. ગ્રુપે સારી રીતે સંભાળેલ. બડગરા સંઘે બધાની બહુજ સારી રીતે આગતા-સ્વાગતા કરેલ. પાછા આવી કલીકટમાં સંઘે બપોરના શેઠશ્રી કસ્તુરચંદ લક્ષ્મીચંદ શેઠ તરફથી યોજેલ સાધર્મિકભક્તિનો લાભ લીધેલ.

### વિવિધ જૈન સંપ્રદાયોની એકતા

જૈન ઇતિહાસમાં પ્રથમવાર વિવિધ જૈન ફિરકાઓ-સંપ્રદાયો સાથે મળી પર્યુષણ ઉજવી એકતાના દર્શન કરાવ્યા હતા.

શ્વેતાંબર અને દિગંબર બને ફીરકાએ જયપુરમાં ૧૮ દિવસીય પર્યુષણનું આયોજન કરેલ. પૂ. ચંદ્રપ્રભજી, તરૂણસાગરજી, લલિતપ્રભજી મ.સા.એ જૈનોની એકતા પર ભાર મુક્યો હતો. જૈન શાસ્ત્રોના કેટલા ક્રિયા-વિધાન બધા સંપ્રદાયો-ફિરકામાં સામાન્ય છે તે મુદ્દાએ એકતા સાધી એક થવા અપીલ કરાઇ. સૈધ્ધાંતિક રીતે વિશાળ પાયા પર મૂળભુત બાબતોએ એકતા સાધવા સર્વ પક્ષીય પ્રયત્ન થઇ રહ્યા છે. મતભેદ ભુલી જૈનત્વની શાન-પ્રભાવના વધારવા સાથે મળી સંપના પ્રયાસ થવા જોઇએ. જૈનો એક થશે તો તે મહાવીરના ખરો સંદેશ પાળવાની ભાવના યથાર્થ થશે. નાના નાના મતભેદ ભુલી સૌને એક થવા અપીલ કરાઇ છે.

### મુંબઇમાં ૧૮મું સમુહ મહાકાલી પુજન

શ્રી જિનેન્દ્ર જયોતિર્ધામ મંદિર (ભુજપુર)ના ઉપક્રમે મહાકાલી માતાજીનું ૧૮મું મહાપુજન અને સમુહ પહેડી ૬.૧૦.૧૩ના ઘાટકોપરમાં ઝવેરબેન સભાગૃહ, રાષ્ટ્રીય શાળામાં ઉજવાશે. આ અનુષ્ઠાનના સહયોગી દાતા મા. ચંપાબાઇ હંસરાજ ડાઘા પરિવાર હ.શ્રી હીરાલાલ ડાઘા (અંબા શિંપીગ) છે.

સવારે ૮થી ૧૦.૩૦ પુજન, ૧૦.૩૦થી ૧૧ દશવિધ પુજા, ૧૧ વાગે આરતી ૧૧ થી ૨.૩૦ ભક્તિપ્રસાદ, ૧૧ વાગે પહેડી, ૧૧થી ૩ દર્શન, ૯થી ૨માં માતાજીની ભક્તિભાવના શ્રી કિશોર મનરાજા અને


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

હંસકુમાર મૈશેરી અને કલાકારો ગીત-સંગીતસહ કરાવશે. પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા. આશિર્વાદ આપશે.

## શ્રી ક.દ.ઓ. જૈન સંયુક્ત મહાજન-રાયચુર

અત્રે પર્યુષણ બહુજ રૂડી રીતે ઉજવાયા. રાયચુરમાં કચ્છી, મારવાડી તથા ગુજરાતી મૂર્તિપુજક સંઘ બધાજ સાથે મલીને કાર્યક્રમ ઉજવાય છે. જાવરા (મ.પ્ર)થી શ્રી વર્ધમાન વિદ્યાપીઠના ત્રણ શ્રાવકો આરાધના કરાવવા પધારેલ. દરરોજ સવારે ૬.૩૦ વાગે ભક્તામર પઠન, પક્ષાલ પૂજા, ૯.૩૦ વાગે પ્રવચન, ૨.૩૦ વાગે પૂજન, ૬.૩૦ વાગે પ્રતિક્રમણ, ૮.૦૦ વાગે ભક્તિ ભાવના તેમજ બીજના મહાવીર જન્મકલ્યાણક વાંચન નિમિતે ચૌદ સપના તથા પારણાની બોલીઓ અને વરઘોડાનો કાર્યક્રમ હતો.

૯.૯.૧૩ના ફક્ત કચ્છીઓનું સામુહીક ક્ષમાપના કાર્યક્રમ રાખેલ. જેમાં વાર્ષિક સભા, પ્રવૃતિ અહેવાલ, ચૂંટણી, જમણ, મહાકાળી માતાજીની ભાવના, તપસ્વીઓ અને વિદ્યાર્થીઓનું બહુમાન તેમજ નાના બાળકોને પ્રોત્સાહન ઇનામ અપાયેલ.

સ્વામીવાત્સલ્ય શ્રી જીવરાજ મુલજી લાપસીયા (દેસાઇ) તરફથી હતું. મહાકાળી માતાજીની ભાવના શ્રી શ્રીકાંત બકીમચંદ લોડાયા તથા હંસરાજ કુંવરજી ગડા તરફથી હતી. એક અઠ્ઠાઇ તથા બીજી નાની-મોટી તપસ્યાઓ થઇ. શ્રી દિલીપભાઇ ગડા તરફથી ચિ. રેખાની અઠ્ઠાઇ નિમિત્તે સર્વેને સાંજી અપાયેલ.

બાળકો ચિ. સમર્થ તુષાર મોમાયા, ચિ. જૈનમ સંજય ગડા તથા ચિ. ધ્રુવ દિપક ગડાનું આઠ દિવસ શાંતિથી સામાયિક કરવા બદલ બહુમાન કરવામાં આવ્યું.

મહાજનની વ્ય. સમિતિમાં નીચે પ્રમાણે સભ્યોની ચૂંટણી થઇ. પ્રમુખ-શ્રી રાજુભાઇ ઉમરશી લાપસીયા (દેસાઇ), મંત્રી-શ્રી સતીષ હીરજી ગડા, ખચાનચી-શ્રી શ્રીકાંત બકીમચંદ લોડાયા, મહિલા સદસ્યો - સૌ. ગુણવંતીબેન કુંવરજી મોમાયા, સૌ. ટીનાબેન ગીરીશ લાપસીયા (દેસાઇ) સંઘ સ્વામી વાત્સલ્ય, ચૈત્ય પરીપાટી વગેરે કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયા.

## મૈત્રીગ્રુપ-ઘાટકોપર

મૈત્રીગ્રુપ-ઘાટકોપર દ્વારા અનંતછાયા પટ્ટાંગણમાં તા૨૬.૧૦.૧૩ના ૧૧થી ૯માં દિવાળીમેળો યોજેલ છે. રૂા.૨૦૦ના પ્રમાણે સ્ટોલ બુકીંગ ચાલુ છે. સંપર્ક - રશ્મિ મોમાયા-૦૯૩૨૪૧૬૭૨૮૧.

## નિઝામાબાદમાં પર્વ ઉજવણી

અત્રે વાસુપૂજ્ય જિનાલયમાં અચલગચ્છ સંઘ અને તપગચ્છ સંઘોએ સાથે મળી પર્યુષણ પર્વની આરાધના કરી. કલ્પસૂત્ર શ્રી ઉત્તમચંદ શામજી મોતા (વારાપધર)એ ૩૫૧ મણમાં પધરાવેલ.

ચિ. પ્રતિક નિલેશ મોતાની અઠ્ઠાઇની સાંજીમાં હૈદરાબાદ તેમજ મુંબઇથી સગાસંબધીઓ પધાર્યા. સ્થાનિક વ્યાપારીઓ, મિત્રો, સ્નેહીવર્ગની હાજરી નોંધપાત્ર રહી.

## બડગરામાં પર્વ ઉજવણી

અત્રે ધર્મ આરાધના સાથે પર્વ સુંદર રીતે ઉજવાયા. સૂત્ર વાંચન માટે મુંબઇ આર્યરક્ષીત વિદ્યાપીઠમાંથી ભાગ્યલક્ષ્મીબેન નિતીન નાગડા અને મુલબાઇ લક્ષ્મીચંદ નાગડા પધારી સરળ શૈલીથી સંભળાવેલ. શ્રી કલ્પસુત્ર પધરાવવાનો લાભ ૧૦૧ મણમાં શા. નરશી કાનજી દંડ પરિવારે, પારણું પધરાવવાનો લાભ ૫૧ મણમાં શા. પ્રેમજી દેવરાજ લોડાયા પરિવાર અને કલ્પસુત્ર વહોરાવવાનો લાભ શા. પુનશી ડોસાભાઇ ધરમશી પરિવારે લીધેલ. સ્વપનાનું ઘૃત ૧૪૨૧૨ તેમ કુલ ઘૃત ૧૮૨૩૦ મણ થયેલ. છઠ્ઠના જિનાલય દ્વાર ખોલવાનું લાભ વાંચન માટે આવેલ બહનોએ લીધેલ.

છઠ્ઠના સામુહિક ક્ષમાપના કરી અને પર્વ આરાધના કરાવવા પધારેલ બહેનોનું બહુમાન કરેલ. તપસ્યામાં છઠ્ઠ-અઠ્ઠમો થયેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળ દ્વારા સામુદાયિક ક્ષમાપના અને સરસ્વતી સન્માનનો કાર્યક્રમ ૨૨.૯.૧૩નાં વિજય સોસાયટી હોલમાં યોજવામાં આવેલ. જેમાં અંદાજે ૨૫૦ જણાંની હાજરી હતી. પ્રમુખ શ્રી હંસકુમાર દામજી મૈશેરીએ આવકાર આપેલ. શેઠશ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવવાનો લાભ શ્રી લલિત વિસનજી ગોસર (ગોએરસમા)એ લીધેલ. સામુદાયીક ક્ષમાપના શ્રી મુકેશ દામજી મૈશેરીએ કરાવેલ. સેકન્ડરી, હાયર સેકન્ડરી, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, સી.એ., ડૉક્ટર અને વિવિધ ક્ષેત્રના વિદ્યાર્થીઓને ટ્રોફી અને સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન ઉપપ્રમુખ શ્રી રાહુલ પુનમચંદ મૈશેરીએ સંભાળેલ. શ્રી હિતેશ લક્ષ્મીચંદ મૈશેરીએ આભાર વિધી કરી.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જાલના

અત્રે પર્યુષણ પર્વ આનંદથી સંપન્ન થયો. પૂ.સા. પુણ્યદર્શનાશ્રીજી આદિઠાણા-૪ દરરોજ સવારે ભક્તામર પઠન, પક્ષાલ-પુજા, સાંજી પ્રતિક્રમણ, ભાવના, આરતી, બહુજ સારી થયેલ.

કલ્પસુત્ર ૧૫૦૧ મણમાં માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડાએ લીધેલ. પારણું ૯૧૦૦ મણમાં શ્રી

સુરજમલજી ભંવરીલાલજી બોરૂંદીયાએ લીધેલ. સપનાજીનું કુલ ઘૃત ૭૫૩૪૪ મણ થયો, ૧૧.૯.૧૩ના રથયાત્રા, ત્યારબાદ સંઘનું સ્વામીવાત્સલ્ય રહેલ.

## કચ્છીઓ નર્મદા મુદ્દે સંગઠિત બને

કચ્છમાં વરસાદ ખેંચાઇ જતાં ખેડુત ચિંતિત છે, ત્યારે કચ્છને પોણા ત્રણ લાખ એકરમાં સિંચાઇ થઇ શકે, તેટલાં ૦.૫ મિલિયન એકર ફીટ નિયમિત અને ૧૦,૮૦,૦૦૦ એકરમાં ખેતી થઇ શકે તેટલાં એક મિલિયન એકર ફીટ વધારાનાં નર્મદાનાં પાણી સત્વરે મળતાં થાય તે માટે સંસ્થાઓની સાથોસાથ પ્રત્યેક કચ્છીએ જાગૃત બનીને સંગઠિત થવાનો સમય પાકી ગયો છે એવો સૂર કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષે વ્યક્ત કર્યો હતો.

કચ્છને નર્મદાનાં નીર અને કચ્છનો પાણીનો પ્રાણપ્રશ્ન એ વિષયને કેન્દ્રમાં રાખીને જાગૃત નાગરિકોને સંબોધતાં જાયન્ટસ ક્લબ ઓફ ભુજ યોજિત સમારોહના મુખ્ય વક્તા અશોકભાઇ મહેતાએ મહત્વનાં સૂચનોમાં કહ્યું હતું કે, કચ્છની તમામ ૯૨ નદીઓ પર એક કે બે કિ.મી.નાં અંતરે ચેકડેમ બાંધીએ તો સરેરાશ ૧૪ ઇંચ વરસાદ મુજબ, નર્મદા કરતાયે વધુ ૬.૨ એમ.એ.એફ. વરસાદી પાણીનો સંગ્રહ શક્ય બને ને કચ્છમાં હરિયાળી ક્રાંતિના દ્વારા ખરા અર્થમાં ખૂલે, તેવું સૂચન તેમણે કર્યું હતું.

## કચ્છ એસી ટ્રેનનું સામખીયાળી સ્ટોપ

કચ્છના સંસદ સભ્ય પૂનમબેન જાટે લોકસભામાં ભુજ-બાંન્દ્રા સુપરફાસ્ટ એસી ટ્રેનને સામખિયાળી ખાતે સ્ટોપ આપવા સંદર્ભે પ્રશ્ન ઉઠાવ્યા બાદ રવિમોહન શર્માએ સાંસદને મોકલાવેલા જવાબમાં જણાવાયું છે કે, ટ્રેન નં.૨૨૯૦૩/૨૨૯૦૪ બાન્દ્રા ભુજ ત્રિદિવસીય એસી સુપરફાસ્ટ ટ્રેનને સામખિયાળી રેલવે સ્ટેશને ૨૫.૯.થી અજમાયસી ધોરણે સ્ટોપ આપવામાં આવશે.

## નલિયા તિર્થે પર્યુષણ પર્વની ઉજવણી

અત્રે પર્વની સુંદર ઉજવણી થયેલ. તેમાં બહારગામથી તથા સ્થાનિક સર્વે ભાવિકો મળીને ૨૫૦ની સંખ્યા થઇ ૧૪ સ્વપનાનું કુલ ઘૃત ૧,૦૬,૪૪૧ મણ થયેલ. પારણું ૫૦૦૧માં માતુશ્રી કસ્તુરબાઇ ડુંગરશી ખોના ગુલાબભાઇ (સેંધવા)એ પધરાવેલ, કલ્પસુત્ર ઘરે પધરાવવાનો લાભ ૧૫૦૧ મણમાં શ્રી ગોવિંદજી વેલજી છેડા, હ. ધીરેન ચંદ્રકાંત લોડાયા (વારાપધર-વાપી)એ લીધેલ. શેઠ શ્રી નરશી નાથાની છબીને હારનો લાભ રૂા.૩૫૦૧માં શ્રી મુળરાજ ગોવિંદજી છેડા પરિવારે લીધેલ. તા.૧૦ના ગંભારા ખોલવાની ઉછામણી થયેલ. તા. ૧૧ ના રોજ અઢાર અભિષેકનો લહાવો લક્કી ડ્રો દ્વારા થયેલ. સકળ સંઘે લાભ લીધેલ.

## સોનગઢ આશ્રમમાં પર્વની આરાધના

શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ સોનગઢમાં વિદ્યાર્થીઓએ હર્ષ ઉલ્લાસ સાથે પર્વની આરાધના કરી. વિનામુલ્યે અભ્યાસ કરતાં ૪૧૭ વિદ્યાર્થીઓએ કરેલ તપ આરાધનામાં ૮ દિવસ રાઇ-દેવશી પ્રતિક્રમણ, સામાયિક, પ્રભુજીની અંગરચના, શ્રી નવકાર મહામંત્ર જાપ, તપશ્ચર્યામાં ૨૫ વિદ્યાર્થીઓએ અઠ્ઠાઇ, છ ઉપવાસ ૧, પાંચ ઉપવાસ ૫, ૪ ઉપવાસ ૧, અઠ્ઠમ ૮, છઠ્ઠ ૪૫, ૮ આયંબિલ ૬ તથા એકાસણા-બિયાસણા આદિ વિવિધ તપશ્ચર્યાઓ થઇ. પંડિતજી દ્વારા શ્રી અષ્ટાન્હિકા વાંચન, કલ્પસૂત્ર વાંચન, એવં બારસાસૂત્ર (ઢાળનુ) વાંચન થયેલ.

શ્રી ચૌદ મહાસ્વપ્ન મહોત્સવમાં દરેક વિદ્યાર્થીને લાભ મળેલ. સંવત્સરી પ્રતિક્રમણ પહેલા વિદ્યાર્થી અરસપરસ મિચ્છામિ દુક્કડમ્ કરી સંવત્સરી પ્રતિક્રમણ કરેલ. રોજ સાંજે સંગીત સાથે ભક્તિ ભાવના થયેલ.

## ભરૂડિયામાં પર્યુષણ ઉજવણી

અત્રે પયુર્ષણ પર્વ ખુબજ ધૂમધામથી ઉજવાયેલ. આરાધના કરાવવા શ્રી આર્યરક્ષીત વિદ્યાપીઠમાંથી શ્રીમતી જયાબેન ગડા અને શ્રીમતી ભાનુમતીબેન માલદે પધારેલ. તેમના માર્ગદર્શન મુજબ ગ્રામજનોએ ખૂબજ વિધિપૂર્વક આનંદથી પર્વની ઉજવણી કરેલ. કાર્યક્રમોમાં વ્યવસ્થા સરપંચ શ્રી કલ્પેશ અરવિંદ દંડ, ટ્રસ્ટી શ્રી જયેશ કુંવરજી દંડ તથા શ્રી કિશોર રામજી ધુલ્લાએ સંભાળેલ. રસોડાની વ્યવસ્થા શ્રી અરવિંદ વીરચંદ દંડ તથા શ્રી જગદીશ જેઠાલાલ ધુલ્લાએ સારી રીતે સંભાળેલ.

કલ્પસુત્ર પધરાવવાનો લાભ માતુશ્રી પુરબાઇ દામજી ધુલ્લા પરિવારે લીધેલ. સ્વપના, પારણું, રોજ આરતી મંગલ




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

દીવા તથા અન્ય ચઢાવાનું કુલ ઘી ૫૧૩૭૯ મણ થયેલ.

સાધર્મિકભક્તિ શ્રી સંઘ તથા દાતાઓ : શ્રી સોમચંદ ઠાકરશી ધરમશી, માતુશ્રી લીલબાઇ જીવરાજ દંડ હસ્તે ચંદનબેન નેમચંદ દંડ, માતુશ્રી નવલબેન મણીલાલ દંડ, માતુશ્રી કંચનબેન વીરચંદ દંડ, માતુશ્રી મણીબાઇ જેતશી દંડ પરિવારોએ લાભ લીધેલ. સાધારણ ખાતામાં રૂા.૫૧૦૦૦ શ્રી સોમચંદ ઠાકરશી ધરમશી તરફથી ભેટ મળેલ.

વિવિધ પ્રભાવના સંઘ તરફથી તથા શ્રી સોમચંદ ઠાકરશી ધરમશી, માતુશ્રી પાનબાઇ લક્ષ્મીચંદ દૌલત, માતુશ્રી નવલબેન મણીલાલ દંડ તરફથી હતી.

રથયાત્રાનું આયોજન થયેલ નેનો ચઢાવો માતુશ્રી રંજનબેન અરવિંદ દંડ પરિવારે લીધેલ. તે સમયે વિવિધ ચઢાવાનો લાભ ગ્રામજનોએ લીધેલ. એક અઠ્ઠાઇ, પાંચ એકાસણાની તપસ્યા થયેલ. ખૂહજ ઉત્સાહપૂર્વક પર્યુષણ પર્વનો લાભ સ્થાનિક સભ્યોએ લીધેલ.

## ખંડવામાં પર્યુષણ પર્વ ઉજવણી

અત્રે પર્વમાં વાંચન માટે આર્યરક્ષિત તત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઇથી બે બેનો પધારેલ. કલ્પસુત્ર પધરાવાનો લાભ શ્રી ઉમેશ મેઘજી નાગડા પરિવારે અને પારણાનો લાભ શ્રી હીરાચંદ ગોવિંદજી મોમાયા પરિવારે લીધેલ. રાત્રી જાગરણ થયેલ. ચોથના તપસ્વીઓની સાંજી રાખવામાં આવેલ. બારસાસૂત્ર વહોરાવાનો લાભ કરણ ઉમેશ નાગડા પરિવારે, ચિત્રદર્શન ચિ. કેવલી અનીલ સાયલા પરિવારે લીધેલ. છઠના સકલ સંઘની ક્ષમાપના કરવામાં આવી. આ અવસરે સ્થાનકમાં ચાતુર્માસ માટે બિરાજીત પુ.સા. જિનેન્દ્રશ્રીજી, પ્રતિક્ષાશ્રીજી, નિખારશ્રીજી.આ.ઠા. પધારેલ અને 'ક્ષમા' વિષય ઉદ્બોધન આપેલ. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં વાચક બેનોનું સન્માન, સ્પર્ધા વિજેતાઓને ઇનામ આપવામાં આવેલ.

સાતમના સકલ સંઘનું સ્વામિવાત્સલ્ય શ્રી ક.દ.ઓ. સંઘ દ્વારા રાખવામાં આવેલ.

આઠમના મહાકાલી માતાજીની ભાવના રાખવામાં આવેલ. દેરાસરજી જીર્ણોદ્ધાર કાર્ય પ્રગતિ પર છે.

## શ્રી જૈન સંઘ-પુના

સૂરિત્રયનીઆજ્ઞા-આશિષે પૂ.સા. વિપુલગુણાશ્રીજી મ.સા.ના શિષ્યાઓ પૂ.સા. હિતગુણાશ્રીજી, પૂ.નિર્મિતગુણાશ્રીજી અને પૂ. મહાવીરગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩નું ચાતુર્માસ પ્રાપ્ત થયું. પૂ. ગુરૂદેવોનો મંગલમય ચાતુર્માસ પ્રવેશ ૧૦.૭ના થયો. ૧૮.૭થી દૈનિક પ્રવચનોની શરૂઆત થઇ.

૨૦.૭ના ગુરુમૈયા પૂ. પુણ્યોદયશ્રીજીમ.સા.ની માસિક પુણ્યતિથિ નિમિતે સમૂહ સામાયિક સહ લઘુ સિધ્ધચક્ર આરાધના સંઘમાં સાંકળી આયંબિલની શરૂઆત થઇ. ૨૧ અને ૨૨.૭ના ચોમાસી છઠ્ઠ સૂત્ર-ચરિત્રના ચઢાવા ચોમાસી વ્યાખ્યાન, ૨૪.૭ સૂત્ર-ચરિત્રના વ્યાખ્યાનની શરૂઆત તેમજ વીશ વિહરમાન જિન તપ (એકાંતરા વીશ ઉપવાસ) તથા ૩૨ વિજય તપ (૩૨ એકાસણા)ની શરૂઆત થઇ.

૨૮.૭ જયંત રાહીના શિષ્ય સુરેશ સોનીના સથવારે સંગીતમય નવકારમંત્ર જાપ, ૪.૮ મહાપ્રભાવિક નમિઉણ સ્ત્રોત, અભિષેક સહ જાપ, ૧૧.૮ 'ચાલો, સૌ જઇએ નેમિનાથની જાનમાં' અદ્‌ભુત સ્ટેજ શો, ૧૮.૮ આર્યરક્ષિતસૂરીશ્વરજી પ્રશ્નમંચ (ક્વીઝ) સ્પર્ધા, ૧૫.૮ વિધિપક્ષ સંસ્થાપક પૂ. આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.ની ૯૮૪ જન્મતિથી નિમિતે શ્રી સંઘમાં ગુરૂપૂજન, ગુણાનુવાદ તથા નાના બાળકોની ફ્રેન્સીડ્રેસ હરિફાઇ તથા સંઘને ગોળની ભિલ્લીની પ્રભાવના કરાઇ.

૨૫.૮ના સવારના જાહેર પ્રવચન "Heaven is here", બપોરે સંઘના શ્રાવક-શ્રાવિકાઓ તરફથી દેરાસર-ઉપાશ્રય શુદ્ધિકરણ અભિયાન અને અક્ષયનિધી તપ (૧૫) સમોવસરણ તપ(૫) ચૌદ પૂર્વ તપ (૬)ની શરૂઆત થઇ.

૨.૯ના પર્યુષણ પર્વની શરૂઆત થઇ. ૧૬ ભત્તા (૫), ૧૧ ઉપવાસ (૪), અઠ્ઠાઇ (૫૫), ૬ ઉપવાસ (૨), ચોસઠ પહોરી (૩), અઠ્ઠમ (૫૦) છેલ્લે દિવસે ૧૨ શ્રાવક અને ૨૭ શ્રાવિકાઓએ પૌષધ કરેલ. ૪ નાના બાળકો અઠ્ઠાઇ કરેલ. ઘૃત બોલી ૩,૪૩,૦૦૦ મણ, ૧૭.૯ના મોટું દેશાવગાસિક સામાયિક જેમાં ૨૪ ભાગ્યશાળીઓએ લાભ લીધેલ, ૧૯.૯ ગચ્છાધિપતિ પૂ.ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના ૮૨મા જન્મદિન નિમિત્તે સમૂહ વીશ સ્થાનક આરાધના તથા ગુરૂ છત્રીશી વંદનાવલી, ૨૧.૯ પ્રગટપ્રભાવી મુનિસુવ્રત સ્વામીના સળંગ ૨૧ દિવસ જાપ, ૨૨.૯ પૂનાના જિનાલયોની પગપાળા ચૈત્ય પરિપાટી, ૨૯.૯ સજોડે સામાયિક થયા હવે ૪.૧૦ પૂ.આ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૨૫મી તથા સાધ્વીમુખ્યા પૂ. નિરંજનાશ્રીજી મ.સા.ની ચોથી પુણ્યતિથી નિમિતે સંઘમાં સમુહ અઠ્ઠમ તપ સહ ત્રિહાન્હિકા મહોત્સવ, ૪.૧૦ના મુનિસુવ્રત આરાધના, ૫.૧૦ના ગુરુપાદુકા પૂજન, ૬.૧૦ના ગુરૂપૂજા સહ ગુણાનુવાદ, ૧૦.૧૦થી શાશ્વતી ઓળીની શરૂઆત થશે.

૧૩.૧૦ સરસ્વતી પૂજન નાના બાળકો માટે, ૨૦.૧૦ શાશ્વત તીર્થાધિરાજ શત્રુંજય મહાતીર્થના ૧૬ ઉદ્ધારનો કાર્યક્રમ રહેશે. દર રવિવારે બાલક-બાલિકા શિબિર, દરરોજ વ્યાખ્યાન દરમ્યાન એક પ્રશ્ન તથા

એક નિયમ, દર ગુરુવારે ધાર્મિક તત્ત્વજ્ઞાન વર્ગ, દર શનિવારે સાંજે સંધ્યા આરતી, શ્રાવિકા શિબિર વગેરે કાર્યક્રમો યોજાયા.

## સખીવૃંદ-પુના

૩.૮.૧૩ના સૌ. ચંદ્રિકાબેન રતાણીના ઘરે સખીવૃંદની સભા મળેલ. પર્યુષણ પર્વ પુર્વેએ ૫-૪ મોડેલમાં સંઘપુજાનું મહત્ત્વ, સાધર્મિકભક્તિનું મહત્ત્વ, સ્વામિવાત્સલ્યનું મહત્ત્વ, સ્વસ્તિકનું મહત્ત્વ વિષયે સમજ અપાઇ.

સૌ. વિણા જૈન અને કિરણ જૈન દ્વારા નવકારમંત્ર વિવિધપૂર્ણ રાગોમાં પ્રસ્તુત કરેલ. ત્યારબાદ દરેકનું સંઘપુજન કરી સંઘપુજન, સાધર્મિક ભક્તિ અને સ્વામિવાત્સલ્યની સમજ સાથે તેનો મહિમા સમજાવ્યો. વિવિધ પ્રકારે ચોખાથી સ્વસ્તિક રચી તેનો અર્થ સમજાવાયો. ત્યારબાદ મોબાઇલ ગેમ રમાડેલ તેમા પ્રથમ લતા મોમાયા તથા દ્વિતીય કિર્તી નાગડા રહ્યા.

સખીવૃંદ દ્વારા દર મહિને વિશેષ બેઠક લઇ વિવિધ ક્ષેત્રના નિષ્ણાત પ્રતિભાઓને આમંત્રી વિવિધ વિષયે તેમના જ્ઞાન અનુભવનો લાભ લેવાય છે.

આ વખતે વૃંદના ઑગસ્ટના વિશેષ કાર્યક્રમમાં પરંપરાગત હાથભરત કલા વિષે માહિતી અપાઇ. પુષ્પાબેન લોડાયાએ વિવિધ પ્રકારે ભરતકળાનું પ્રશિક્ષણ આપ્યું તેમને બે-ત્રણ મહિનાની જહેમત લઇ તૈયારી કરેલ અને આ કાર્યશાળા સૌને ખુબ ઉપયોગી અને રસપ્રદ રહી. વિવિધ નમુના સાથે ડેમો બતાવેલ. સર્વ સભ્યોના સહકારે કાર્યક્રમ સફળ રહ્યો.

સખીવૃંદની સપ્ટેંબરની બેઠકમાં સૌ. અમિષા રવિંદ્ર મુનવરના ઘરે યોજાયેલ. બેઠકમાં અમિષાબેન અલગ-અલગ કપ કેક ઉપર વિવિધ ડિઝાઇનથી આઇસિંગ હાથેથી એકદમ સહેલાઇથી કરીને શિખવાડ્યું તેમજ વિવિધ આકારના નોઝલ્સના શેપથી પણ કપકેક ઉપર આઇસિંગ કેમ કરવું તેનું પ્રત્યક્ષિકરણ કરીને બતાવ્યું. ઘરેજ બનાવેલ ફ્રેશ ક્રીમમાંથી વિવિધ રંગના નોઝલ્સ દરેક બહેનને આપતા. થર્મોકોલની ડીશની પાછળ વિવિધ આકારની બૉડર, ફુલ, પાંદડા, લેસ, બાસ્કેટ, ચટાઇ વગેરેનું પ્રત્યક્ષીકરણ કરીને બતાવ્યું. તેમજ દરેકને ટ્રાયલ કરવા આપી. અંતમાં સામાજિક સુરક્ષા યોજના વિષે માહિતી આપી તેનો લાભ લેવા અનુરોધ કરાયો.


અસલ કલા-કસબનો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786


## પૂ.આ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના જન્મદિને કાર્યક્રમો

શત્રુંજ્ય મહાતીર્થે તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ના ૮૨મા જન્મોત્સવ પર્વ કચ્છ, મુંબઇ દેશાવરમાંથી ઉમટેલા હજારો ભાવિક ભક્તોના ઉપસ્થિતીમાં ઉલ્લાસ ઉમંગના વાતાવરણ વચ્ચે ભવ્યતાથી ઉજવાયો હતો.

દ્વિમાસિક સામુદાયિક ચાતુર્માસિક આરાધનાના અવસર સાથે શેઠ શ્રી કેશવજી નાયક દ્વારા નિર્મિત જિનાલયનો સાર્ધ શતાબ્દિ વર્ષ ઉજવાયો હતો. પૂજ્યશ્રીના જન્મોત્સવની ભવ્ય શોભાયાત્રા સહ ધર્મસભામાં ગુરૂવંદનાના વિશિષ્ટ સંગીતનાં ભક્તિમય કાર્યક્રમમાં અચલગચ્છીય શ્રમણ-શ્રમણીગણ, પૂ. મોતીસાગરજી મ.સા. અને ખતરગચ્છીય-તપાગચ્છીય પૂજ્યોની ઉપસ્થિતિથી વિશેષ જૈન એકતાના દર્શન થયા હતા. શેઠ કેશવજી નાયક ધર્મશાળા ટ્રસ્ટ વતી શ્રી દિનેશભાઇ નાયક દંડે સૌને આવકાર્યા હતા.

જન્મોત્સવની સ્મૃતિમાં પાલીતાણા ખાતે કચ્છી ભવનની સમીપમાં વિશાળ ત્રણ એકર જમીનપર ‘શ્રી ગુણોદયપુરમ’ની રચનાની જાહેરાત થયેલ. તેમજ એજ સંકુલમાં અચલગચ્છની સૌ પ્રથમ ધર્મશાળા સહ શ્રમણ-શ્રમણી સ્થિરવાસ ઉપાશ્રયો, ભોજનશાળા વગેરે યુક્ત સંકુલ નિર્માણાર્થે લાખોના દાનવચનો ગુરૂભક્ત પરિવારોએ જાહેર કરી ગુરૂભક્તિ દાખવી હતી. આ સંકુલમાં દેવવિમાન તુલ્ય જિનાલય નિર્માણાર્થે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-મુંબઇ અને શ્રી અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ લાભ આપવા અનુરોધ કરી પોતાની ભાવના પ્રદર્શિત કરેલ.

ચાતુર્માસ સંઘપતિ પરિવારોનું બહુમાન, ધારાસભ્ય શ્રી તારાચંદભાઇ જગશી છેડાના હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે ભાવનગર ડીવાયએસપી પન્નાબેન મોમાયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પુજ્યશ્રીના આગામી ચાતુર્માસાર્થે દેવલાલી, અનંતનાથ જિનાલય, મુંબઇ, નવનીત નગર-ભુજ, ડુમરા, માંડવી, ગઢશીસા, નલિયા અને કચ્છ, મુંબઇના શ્રી સંઘોની વિનંતીઓ પણ થઇ હતી.

આ પ્રસંગે ગુરૂપૂજનનો મહામૂલો લાભ સઘમાતા નવલબેન ભાણજી પાસડ પરિવારે લીધો હતો.


શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

અંબા શીપીંગ એજન્સીઝ

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

જન્મોત્સવની સ્મૃતિમાં શ્રી નરશી નાથા ધર્મશાળા પાલીતાણા ખાતે મધુરમ જલધારા-આરો પ્લાન્ટનું ઉદ્‌ઘાટન શ્રી તારાચંદભાઇ છેડાના હસ્તે કરાયેલ. પરબના નિર્માણનો લાભ શ્રી સરલાબેન લક્ષ્મીચંદ પુનશી નાગડા હસ્તે સુપુત્ર શ્રી સમીરભાઇ નાગડાએ લીધેલ. આ પ્રસંગે સાધર્મિકભક્તિનો લાભ ગુરૂભક્ત પરિવારો સર્વ શ્રી હીરાચંદ અરજણ પટેલ - બાંઢીયા, માતુશ્રી લક્ષ્મીબેન રાયચંદ કાનજી ધુલ્લા-સુથરી, બાબુભાઇ ઉર્ફે રણશી લખમશી દેઢિયા-ભુજપુર અને ગુરૂભક્ત એક સદ્‌ગૃહસ્થ આદિ પરિવારોએ લીધેલ.

પાલીતાણાના હાલના સંજોગોને ધ્યાનમાં લઇ જૈન આચાર્યશ્રીઓએ કરેલ નિર્ણય મુજબ આગામી ૯૯ યાત્રા મુલતવી રાખવાની જાહેરાત કરવામાં આવેલ.

આ પ્રસંગે ઉદ્‌બોદન કરતાં શ્રી તારાચંદભાઇ છેડાએ જણાવ્યું હતું કે, આવા મહોત્સવો નિમિત્તે સમાજને કાંઇક ને કાંઇ અર્પણ થાય છે. દેશાવર મુંબઇવાસીઓને કચ્છ વિકાસ જોઇ ફરી કચ્છ વતન વસવા અપીલ કરી હતી. આ પ્રસંગે વિવિધ દાતાશ્રીઓએ જીવદયા સંસ્થાઓને અનુદાનની જાહેરાતો કરી હતી.

અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી સમીર નાગડા, પ્રતાપ કેટરર્સ-મણીકાંત ધુલ્લા, મુંબઇ મહાજનના મંત્રી ચેતન મોતા, કુમાર દંડ, પ્રેમચંદભાઇ સોનાવાલા સહ અનેક ભાવિકો અગ્રણીઓ ઉપસ્થિત રહેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-પુના

અત્રે પર્યુષણ પર્વ આનંદ-ઉમંગ તથા ઉત્સાહપુર્વક ઉજવાયા. સ્વપ્નાનું કુલ ઘૃત૩૭,૫૦૦ મણ થયું. પારણું પધરાવવાનો લાભ શ્રી દેવજી વીરજી નાગડા પરિવારે લીધેલ. બીજના સાધર્મિક ભક્તિનો લાભ શ્રી જેઠાભાઇ નરશી લોડાયા પરિવાર હસ્તે શ્રી દિનેશભાઇ લોડાયાએ લીધેલ. સંવત્સરી પ્રતિક્રમણમાં ૧૫૦ જ્ઞાતિજનોની હાજરી હતી. પ્રતિક્રમણ બાદ પ્રભાવનાનો લાભ સૌ. લતા દિનેશ મોમાયા અને શ્રી યોગેશ પદમશી દંડ હસ્તે ધવલ દંડ લીધેલ.

૧૫.૯.૧૩ના સંઘનો સામુહિક ક્ષમાપના અને સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ થયેલ. નવકારમંત્રપઠનથી કાર્યક્રમ શરૂ થયેલ. ત્યારબાદ સામુહિક ક્ષમાપના કરાવવામાં આવી. કાર્યક્રમના પ્રમુખસ્થાને સૌ. કાંતાબેન અને શ્રી માણેકજી દેવજી ધરમશી બીરાજ્યા. જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવવાનો લાભ શ્રી રાયચંદ રતનશી નાગડાએ લીધેલ. ત્યારબાદ તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. આ વર્ષે સંઘમાં એક અઠ્ઠાઇ અને અન્ય વિવિધ તપ થયેલ.

તપસ્વીઓનો બહુમાનનો લાભ શ્રી લક્ષ્મીચંદ શિવજી રતાણી પરિવાર હસ્તે શ્રી ચેતન રતાણીએ લીધેલ. સૌ તપસ્વીઓનું બહુમાન કરી તેમને સંઘ વતી ભેટ અપાઇ.

પુનામાં નવા રહેવા આવેલ કુટુંબોના પરિચય કરાવવામાં આવેલ. ત્યારબાદ પર્યુષણ પર્વ દરમ્યાન વિવિધ નકરાનો લાભ લેનાર દાતાઓનું બહુમાન સ્મૃતિચિન્હ આપીને કરવામાં આવેલ. આ વર્ષના શૈક્ષણિક સન્માનના દાતા તરીકે શ્રી લક્ષ્મીચંદ શિવજી રતાણી પરિવાર હસ્તે શ્રી ચેતન રતાણી, શ્રી પ્રવિણ ખેતશી કુરૂવા, સૌ. સરલાબેન ભરત લોડાયા, માતુશ્રી બાંયાબાઇ શામજી મોતા પરિવાર (લોનાવલા) હસ્તે શ્રી હેમંત મોતા, માતુશ્રી લીલાવંતી સોમચંદ નાગડા પરિવાર હસ્તે શ્રી જયેશ નાગડા, શ્રી શરદ કાંતિલાલ નાગડા, શ્રી રાયચંદ માલશી મોતા હસ્તે શ્રી દુષ્યંત મોતા અને શ્રી જ્ઞાનેશ ચીમનલાલ ડાગા હતા. સંઘ તરફથી સર્વે દાતા પરિવારોનો આભાર માનવામાં આવેલ.

બાદમાં દાતાઓના હસ્તે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક બહુમાન કરવામાં આવેલ. વિદ્યાર્થીઓએ પાસ કરેલ અન્ય પરિક્ષાઓ અને સિદ્ધિઓનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન સૌ. શ્વેતાબેન ડાગા અને શ્રી દુષ્યંત લાપસીયાએ સુંદર રીતે કરેલ. જ્યારે વિદ્યાર્થી બહુમાનના કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રશાંત લાલકાએ તેમની વિશિષ્ટ શૈલીથી કર્યું હતું કાર્યક્રમ બાદ સ્વામિવાત્સલ્યનો લાભ લઇ સૌ છુટ્ટા પડ્યા.

## શ્રી શ્વેતામ્બર જૈન સંઘ-ખિરકિયા

અત્રે સાગર સમુદાયના અનંતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા આઠની નિશ્રામાં ચાતુર્માસમાં સુંદર આરાધના થઇ.

શાંતિધારા એકાસણા કરાવવામાં આવેલ. તેમાં ૬૮ જણાંએ ભાગ લીધેલ. એકાસણા કરાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઇ ભવાનજી નાગડા પરિવારે લીધેલ.

પુજ્યશ્રીએ ચંદનબાલાની અઠ્ઠમ તપની આરાધના કરાવી તેમાં ૧૪ બાલિકાઓએ આરાધના કરી તેમના પારણાના દિવસે રથયાત્રા નીકળી તથા સંઘના બાળકોએ 'ચંદનબાલાના અઠ્ઠમતપના મહિમા'ની સુંદર નાટીકા પ્રસ્તુત કરેલ. તપસ્વીઓને પારણા કરાવવાનો લાભ શ્રી વેરશી વેલજી નાગડા પરિવારે લીધેલ.

બીજથી નવકાર મંત્રની નવ દિવસની આરાધના કરાવી તેમાં નવકાર મંત્રનું અખંડ જાપ દિવસ અને રાતના સંઘમાં બધાએ ઉત્સાહથી કર્યો. એક સુંદર નવકાર મંદિર બનાવવામાં આવ્યું તેમાં દરરોજ ૧૦૮ પુષ્પથી પૂજા, ગંહુલી તથા અક્ષતપાત્ર ભરાવવાના આદિ ચડાવા થયા. જાપ પૂર્ણ થયા બાદ તેમનું ઉજમણું કર્યું. તથા

મંત્રીત આસન તથા નવકારવાળીના ચડાવાનો લાભ શ્રી ચંદ્રકાંત ભવાનજી નાગડા પરિવારે તથા ૧ આસન માતુશ્રી લક્ષ્મીબાઇ ભવાનજી નાગડા પરિવારે લીધેલ.

કુ. ઝરણા ચેતન નાગડાએ માસક્ષમણની ઉગ્ર તપસ્યા કરી. તેમના પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ તથા સૌ. ડીંપલ વિક્રમ નાગડાએ સોળભનાની તપસ્યા કરી તપસ્યાના ઉપલક્ષમાં ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ. બને તપસ્વી બહેનોએ આચાર્ય શ્રી આનંદસાગરસૂરિના જન્મદિવસ નિમિતે તેમના હુબહુ રંગોલીથી સુંદર ચિત્રની કલાકારી કરી. પુજ્યશ્રીએ દર રવિવારે અનુષ્ઠાનો કરાવ્યા તેમાં આંખો ઉપર પટ્ટી બાંધી સીમંધરસ્વામિની ભાવયાત્રા, સંયમ ઉપકરણ વંદનાવલી, બાળકોની શિબિર તથા નવપદની આરાધના વગેરે બધાજ અનુષ્ઠાનનો પ્રસંગે નાગડા પરિવારના ભાઇ-બહેનોએ જિનાલયને ખૂબજ સજાવીને પ્રભુજીની અંગરચના શણગાર કરેલ.

## બેલ્લારી ગુજરાતી મહિલા સેવા મંડળ

મંડળે ૨૫.૮.૧૩ના સવારે રંગમંદિર નાટ્યગૃહમાં બ્લડ ડોનેશન કેમ્પ રાખેલ તથા સાંજે ૬થી૭માં કોલ્હાપુરથી બોલાવેલ સ્વર્ણીમનાદ પ્રોડક્શનની ૨૮ મેમ્બર્સની ટીમ દ્વારા પ્રસ્તુત કાર્યક્રમ 'જાગો હિન્દુસ્તાની જાગો' (દેશભક્તિ ગીત તથા નૃત્ય)નું આયોજન કરવામાં આવેલ. મંડળની બહેનોએ પ્રાર્થનાગીત ગાઇને કાર્યક્રમની શરૂઆત કરી સૌ. નીતા શરદ મૈશેરીએ કાર્યક્રમનું સંચાલન કર્યું. મંડળના પ્રેસીડેન્ટ સૌ. પ્રિતી ચેતન મુનવર, સેક્રેટરી સૌ. નીશા નિતિન ધરમશી તથા વાઇસ પ્રેસીડેન્ટ સૌ. કલ્પના એમ. શાહે મહેમાનોને સ્ટેજ પર આવકારી દીપ પ્રજ્વલ્લિત કર્યું. ત્યારબાદ સૌ. સરલા વિજય મૈશેરી, સૌ. વિમલા કાંતિલાલ શાહ તથા ચંચળબેન દાસે મહેમાનોને પુષ્પગુચ્છથી આવકાર્યા. સૌ. બીના શ્રીનિવાસે મંડળ તરફથી સૌનો આભાર માન્યો. ચિ. ચિંતન ચેતન મુનવરે તૈયાર કરેલ મંડળના સેવાકાર્યની Video clip બતાવવામાં આવી. પ્રસ્તુત કરેલ કાર્યક્રમને દર્શકોએ ખૂબજ દાદ આપી દરેક પ્રસ્તુતિ બાદ રંગમંદિર નાટ્યગૃહ તાળીઓની ગડગડાટથી ગૂંજ્યો.

સ્વર્ણીનાદ પ્રોડક્શનની ટીમે પણ મંડળના સેવાકાર્યને બીરદાવેલ.

## બેલ્લારી સમાજ

અત્રે પર્વ પર્યુષણની ઉજવણી સુખ-શાતાપૂર્વક સંપન્ન થઇ. દરરોજ સવારના ૧૦ વાગે દેરાસરમાં સ્નાત્રપૂજા ભણાવવામાં આવેલ. સાંજે શ્રી ત્રિકમજી ટી. ધરમશીના નિવાસસ્થાને પ્રતિક્રમણ કરવામાં આવેલ. સંઘ સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ અને તપસ્વીઓની સંઘ તરફથી સાંજી અને બહુમાન કરવામાં આવેલ. અંતે મનોરંજનની હાઉસી ગેમ રમી ચા-પીને છૂટા પડ્યા.

## ડોંબિવલી ભાજપ સંગઠનમાં નિમણુંક

ડોંબિવલી શહેર ભાજપા યુવા સંગઠનમાં શ્રી મુલચંદ રતીલાલ મૈશેરી (જખૌ) ઉપાધ્યક્ષ, મહિલા આઘાડીમાં સૌ. અલ્પા તુષાર ખોના (તેરા) અધ્યક્ષાપદે નીમાયા છે. હાર્દિક અભિનંદન. શહેરમાં પક્ષ વિવિધ સામાજીક કાર્યો દ્વારા સુંદર જનસેવા આપે છે.

વિધાનસભ્ય શ્રી રવિન્દ્ર ચૌહાણના જન્મદિન નિમિતે વિવિધ સ્થળે ૨૦.૯ના રક્તદાન શિબિર યોજી ૫ હજાર રક્ત બોટલ એકત્ર કરવાના સંકલ્પ સાથે માનવતાદી પ્રવૃતિ થઇ. જેમાં યુવાઓએ ઉત્સાહપ્રેરક ભાગ લીધેલ. કચ્છયુવક સંઘે પણ આ પ્રવૃતિને સુંદર સહયોગ આપેલ. આમદાર શ્રી રવિન્દ્રભાઇ દરેક સંસ્થા અને યુવાનોને ઉદાર સહયોગ આપી પ્રોત્સાહિત કરે છે.

## અમરાવતી

અત્રે ૬ સ્થળે જૈન મંદિરો સ્થાનકો છે. શ્રી શ્વે. મુર્તિપુજક જૈન સંઘના બડામંદિરે ખરતરગચ્છ-અચલગચ્છે સાથે પર્વ ઉજવેલ. પર્વ આરાધના શ્રી હર્ષદ શાહ (આકોલા)એ કરાવી. બીજના સ્વપ્નદર્શન પ્રસંગે નાકોડા સેવા મંડળ તરફથી ગૌતમપ્રસાદી હતી. સ્વપ્નાનું કુલ ઘૃત ૨૮૬૪૭૨૪ મણ, દેરાસર માટે બારમાસી ૧૦ પુજા સામગ્રી ૧૫૯૪૨૧, અને અન્ય મળીને રૂા.૪૯૧૩૫૯ની વૃધ્ધિ થઇ.

કલ્પસૂત્ર ૩૦૧ મણમાં માંગીલાલજી ગોલછા અને પારણું ૬૫૬૫ મણમાં નાકોડા સેવા મંડળે લીધેલ. સંવત્સરીક પ્રતિક્રમણ બાદ પ્રભાવના લખમશી પાશ્વીર ધુલ્લા પરિવાર (સાંધાણ) અને શ્રી ભવાનજી ભીંયશી મોતા પરિવાર (સુથરી) તરફથી હતી. ૧૦.૯ના કચ્છી સમાજનું સ્વામિવાત્સલ્ય હતું. ૧૫.૯ના સમસ્ત જૈન

શુભેચ્છાસહ.....
**શીતલ કોટન ટ્રેડર્સ**
**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**
**(રંગપુર-કોઇમ્બતુર)**

શુભેચ્છાસહ.....
*Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
**C.H.A.No.11-0404**

સમાજનું સંઘજમણ હતું. પર્વમાં છઠ્ઠ, અઠ્ઠમ, એકાસણા, આયંબીલ અને અઠ્ઠાઇ તપ થયા.

પર્વના પ્રારંભે ૧૮ અભિષેક થયા અને બીજા દિવસે સિધ્ધચક્ર મહાપુજન હતું દરરોજ આંગી, પુજા, ભાવના આદિ કાર્યક્રમોમાં ભાવિકો સામેલ થયા. પોથી વરઘોડામાં જૈન-જૈનેતરો સારી સંખ્યામાં સહભાગી થયા અને નવકારમંત્રથી વાતાવરણ ગુંજી ઉઠ્યું. બાળકા-મહિલાઓ પરંપરાગત વસ્ત્ર પરિધાન સાથે શોભા વધારી.

## શ્રી નવી મુંબઇ અચલગચ્છ જૈન સંઘ

અત્રે પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી મ.સા. આ.ઠા.ની નિશ્રામાં પર્યુષણ મહાપર્વ ભવ્યતાથી સંપન્ન થયા. પર્યુષણમાં મુનિશ્રી મોક્ષેશચંદ્રસાગરજી મ.સા.ની અઠ્ઠાઇ, ઉપરાંત માસક્ષમણ-૬, સિદ્ધિતપ-૨, ૨૧ ઉપવાસ-૧, ૧૯-૧૭ ઉપવાસ-૨, ૧૫-૧૬ ઉપવાસ-૬, ૯ ઉપવાસ-૧૦, ૮ ઉપવાસ-૧૧૫ આદિ વિવિધ તપશ્ચર્યાના તોરણ મંડાયા. ભાદરવા સુદ ૨ ના મહાવીરસ્વામી જન્મોત્સવે ૧૪ સ્વપ્નો ઘૃત ૧૬,૧૬,૨૫૬ મણથી દેવદ્રવ્ય વૃદ્ધિ, શાલિભદ્ર ભંડાર ૯,૦૯,૯૯૯ની સાધારણ ખાતામાં વૃદ્ધિ કરાવનાર ચાતુર્માસના મુખ્ય દાતા માતુશ્રી સાકરબેન દામજી ગાલા (સમાઘોઘા) પરિવારે લાભ લીધો. સાધારણ સામગ્રીના ચડાવા રૂા.૬,૫૧,૫૧૧ થયા. ખૂબ આનંદથી પર્વાધિરાજની ઉજવણી થઇ. તપસ્વી બહુમાનની ઉછામણી રૂા.૨,૧૧,૧૧૧ થઇ. મુનિશ્રી હિતવર્ધનસાગરજી મ.સા.નું ૨૨મું વર્ષીતપ મુનિશ્રી હેમચન્દ્રસાગરજી મ.સા. તથા મુનિશ્રી વીરશેખરસાગરજી મ.સા.ના ચાતુર્માસમાં એકાંતરા ઉપવાસથી વીશસ્થાનક તપારાધના, મુનિ શ્રી હેમચન્દ્રસાગરજી મ.સા. દ્વારા નિત્ય ૯ કલાકે ધર્મરત્નર પ્રકરણ સૂત્ર આધારિત પ્રવચન રહ્યું. સમસ્ત ભારતમાંથી અનેક સંઘો ચૈત્યપરિપાટી, દેવ-ગુરુ દર્શનાર્થે પધાર્યા.

## ૨૫૦૦ સમુહ અઠ્ઠમતપ આયોજન

શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નો સ્વર્ગારોહણ રજતવર્ષ ચાલી રહ્યો છે. આ નિમિતે ગુરૂગુણાનુમોદના માટે સમસ્ત જૈન સંઘમાંથી સામુહિક ૨૫૦૦ અઠ્ઠમો કરી તપાંજલિ અર્પણ કરવાની છે. આ અઠ્ઠમ તપ ભાદરવા વદ ૩૦ આસો સુદ-૧-૨, શુક્રવાર-શનિવાર-રવિવાર ૪-૫-૬ ઓક્ટોબર ૨૦૧૩ રહેશે. વધુમાં વધુ સંખ્યામાં અઠ્ઠમતપ થાય તેવી સંકલ્પપ્રેરણા અપાઇ છે.

## શ્રી પારોલા ક.દ.ઓ.શ્વે. મુર્તિપૂજક જૈન સંઘ

પર્યુષણ મહાપર્વ ધુમધામથી ઉજવામાં આવેલ. પર્વ આરાધના કરવા બહારગામના તેમજ ગામવાસીઓની સારી સંખ્યા હતી. આરાધના કરાવવા શ્રી આર્યરક્ષીત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઇથી શ્રી મુલચંદ મેઘજી દેઢીયા અને લલીત દેવચં વીરા પધારેલ. પર્વ દરમ્યાન કુલ ઘૃત ૧૦૩૪૦૬ મણ થયેલ. કલ્પસુત્ર (પોથી)નો લાભ શ્રી દામજી શામજી પોલડીયા પરિવાર (ગોએરસ - ભુસાવલ - નાસિક)એ લીધેલ તેમજ પારણાંનો લાભ શ્રી હરકીસનદાસ હરીલાલ ધંધુકીયા પરિવાર (માંગરોળ) હસ્તે ઉમેદભાઇ (પારોલા)એ લીધેલ. દ્વારા ઉદ્ઘાટનનો લાભ શાંતિલાલ લક્ષ્મીચંદ લોડાયાએ (નલીય-અમલનેર)એ લીધેલ.

નવકારશી અને બન્ને ટાઇમની પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિનો લાભ સંઘના વિવિધ દાતા પરિવારોએ લીધેલ. તેમજ તીર્થમાં યોજતા કાયમી વંશપરાપરાગત જમણ યોજાયા હતા.

પૂ. મુનિ દેવરત્નસાગરજીની પ્રેરણાએ દર મહિનાના પ્રથમ દિવસે સંતીકરણ અભિષેક થાય છે. ભાદરવાનો લાભ શ્રી જેઠાભાઇ રાજપાર મૈશેરી પરિવાર (લાલા-અમલનેર)એ લીધેલ. શેઠ નરશી નાથાની છબીને હારારોપણનો લાભ શા. દામજી શામજી પોલડીયા પરિવારે લીધેલ. પર્વમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો થયા. રસોડા અને આંગી સમિતિના સભ્યો તથા કાર્યકરોનું બહુમાન સંઘના માજીપ્રમુખ શ્રી સોમચંદ ભાણજી લાલકા અને આરાધક મુલચંદભાઇ દેઢિયાના હસ્તે કરાયું. ત્યારબાદ સમુહ ક્ષમાપના થયેલ.

## રંગપુરમાં પર્વ ઉજવણી

અત્રે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના દરબારે પર્યુષણ પર્વની ઉજવણી જપ, તપ અને ઉલ્લાસપૂર્વક આરાધનાથી થઇ. શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠમાંથી બે જણ પધારેલ. જેમણે સુંદર આરાધના કરાવી. ઘીની સારી ઉછામણી થઇ આ પ્રસંગે મુંબઇ, બહારગામ અને સ્થાનિકેથી મળીને ૪૦-૫૦ જણાં થયા. કલ્પસૂત્ર ૬૧ મણમાં કુ. હિતિક્ષા દિપક લાપસીયા અને પારણું ૨૫૧ મણમાં સૌ. વૈશાલી જતીનકુમારે લાભ લીધેલ. સપનાનું કુલ ઘી ૮૧૮૬૬ મણ થયેલ અને અન્ય બોલીઓ સાથે પર્વનું કુલ ઘી ૯૪૩૬૮ મણ થયેલ.

સંઘ તરફથી સૌ માટે ૯ દિવસ સાધર્મિકભક્તિ હતી દાતા પરિવારોએ ઉદાર ભાવે મિતીઓ લખાવી. કુલ રૂા.૧,૧૯૦૦૦ની આવક થઇ. આ ઉપરાંત સાધારણ ખાતાના લાભ, તપસ્વી બહુમાન, પ્રભાવના, જીવદયા વગેરેમાંથી રૂા.૩૫૨૯૬નો ફાળો થયો અત્રે ભોજનશાળા કાયમી છે. રૂા. ૨,૧૨૨૨૯ ભોજનશાળા ફંડ માટે ફાળો નોંધાયેલ. પર્વમાં સર્વે ખાતામાં મળીને રૂા.૫૫૬૨૬૧ની રકમ નોંધાયેલ.

દરરોજ રાતના ભાવના ભણાવવામાં આવતી. સંઘ તરફથી સમુહ ક્ષમાપના થઇ. દાતાઓએ સંઘ પ્રત્યે ઉદાર ભાવના દર્શાવી. સૌના સાથ સહકારે પર્વ ઉજવણી સુંદર રીતે થઇ.

## વરાડીયા તીર્થે પર્વ ઉજવાયા

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં આર્યરક્ષિત તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠથી હિરાવંતી લહેરચંદ ધરમશી-સુથરી, કલાવંતી દામજી મોમાયા-વરાડીયાએ રૂડી રીતે આરાધના કરાવેલ. મુંબઇથી જતાં ટ્રેનમાં અલ્પાહાર, નવકારશીની વ્યવસ્થા વિજયાબહેન મહેન્દ્ર ખોના-આરીખાણા તરફથી કરવામાં આવી. દરરોજ રાઇપ્રતિક્રમણ, પક્ષાલ તથા કેશર પૂજા, ભક્તામર સ્તોત્ર પઠન, વ્યાખ્યાન, આરતી ભાવનામાં સારી હાજરી નોંધાયેલ. વિવિધ પ્રસંગે લક્કી ડ્રો, સંઘપુજન, પ્રભાવના સાધર્મિક પરિવારો તરફથી કરવામાં આવેલ. પાંચમના પ્રતિક્રમણમાં રૂા.૧૩૦ની પ્રભાવના તથા જીવદયામાં રૂા.૯૭૦૧નાં ફાળો જમા થયેલ. કલ્પસુત્ર ૬૬૬ મણમાં શા. પદમ લાલજી લોડાયા તથા પારણું ૧૧૧૧ મણમાં શા. પરાગ દેવેન્દ્ર મોમાયા-સાંયરાએ પધરાવેલ સ્વપ્નાનું ઘૃત ૭૪૦૦૦ મણ અને કુલ ૯૫૦૦૧ મણ ઘી થયેલ. અઠ્ઠાઇ નવીન રતનશી ડાઘા, નીના લખમશી મોમાયા, મિત્તલ વસંત પટેલ તથા વરસીતપના આરાધક શુશીલા પ્રેમચંદ નાગડા-નલીયા તપસ્વીઓની અનુમોદના કરવામાં આવી. સવંત્સરીના સામુદાયિક પ્રભાવનામાં શેઠ શ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવવાનો લાભ ડી.વી. શિપીંગ પ્રા. લિ.ના શ્રી શાંતિલાલ પટેલે લીધેલ. અંગરચના કરનારા લીલાવંતી મેઘજી મોમાયા, મહેશ લખમશી દંડ, ગાયક બીપીન કરશનજી રાજગોર, દેવેન્દ્ર કુંવરજી પટેલ તથા કર્મચારીઓની અનુમોદના કરવામાં આવી. પર્વ બાદ કોઠારા, સાંયરા, સુથરી, બાંઢીયા, તેરા, નલીયા, જખૌ તિર્થોની ચૈત્ય પરિપાટી યોજાઇ હતી.

પર્વ ઉજવણી માટે કાર્યકરોએ સુંદર જહેમત ઉઠાવેલ. સાતમ તથા આઠમના શ્રી સંઘના પગલાં કરાવવા શા. મધુકાંત પાશ્વીર મોમાયાના ઘરે જમણ રાખવામાં આવેલ ટ્રસ્ટી શ્રી મનીષ પ્રતાપ ડાઘા પધારેલ. પર્વમાં સાધર્મિક ભક્તિના દાતાઓ માતુશ્રી સરલાબેન પ્રતાપ રામજી ડાઘા, માતુશ્રી રાજબાઇ કેશવજી વેલજી મોમાયા, માતુશ્રી ભાનુમતી કરમચંદ આણંદજી વિકમશી, માતુશ્રી જયાબાઇ ધનજી પાશ્વીર ડાઘા, માતુશ્રી હિરબાઇ મેઘજી દેવશી મોમાયા, માતુશ્રી દેવકાંબાઇ ચાંપશી વીરજી ડાઘા, માતુશ્રી સોનબાઇ વિસનજી દામજી મોમાયા, માતુશ્રી ચંદનબાઇ દેવશી રતનશી લોડાયા, માતુશ્રી ગંગાબાઇ નરશી જેઠાભાઇ દંડ પરિવારોએ લાભ લીધેલ.

દેરાસર-મહાજન ફંડ્સ ટ્રસ્ટમાંથી જેમણે શૈક્ષણિક લોન લીધી હોય તેમણે સત્વરે પરત કરવા તથા પંચવર્ષિય યોજનાના દાતા પરિવારોને વચનપૂર્તિ કરવા વિનંતી કરવામાં આવી છે.

## શ્રી નેમ યુથ ફોરમ અને પ્રગતિ મહિલા મંડળ-મોટી સિંઘોડી

બન્ને સંસ્થાના સંયુક્ત ઉપક્રમે શ્રી નેમ પ્રગતિ દાંડીયારાસનું આયોજન ૧૯.૧૦.૧૩ના સાંજે ૫.૩૦થી ૯ દરમ્યાન ભાંડુપ અનંતસિધ્ધિ, શેઠ નરશી નાથા હોલમાં રાખવામાં આવેલ છે. સભ્યોના પ્રવેશપાસ વહેલો તે પહેલોના ધોરણે તથા અન્યને રૂા.૧૫૦ ભરી પાસ લેવાના રહેશે. બેનરના રૂા.૩૦૦, સભ્યો માટે સ્ટોલ ભાડું રૂા.૫૦૦ અને અન્ય માટે રૂા.૬૦૦

૨૨.૯.૧૩ના ચૈત્ય પરિપાટીમાં નવકારશી, બપોરે અને સાંજે જમણના વિવિધ દાતાઓ હતા. મુલુન્ડમા દર્શન કરી વાશીમા પુ.આચાર્યસાહેબને વંદન કરી નવકારશી પછી કામણ દર્શન કરી આદેશ્વરધામ અને મહાવીરધામ કરી લોઢાધામ ગયા અને ત્યા દર્શન કરીને ભોજન લીધેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-પરજાઉ

અત્રે પર્વ પર્યુષણ આનંદ ઉલ્લાસથી ઉજવાયા. કલ્પસૂત્ર શા. જયચંદ હંસરાજ લાલકા, હ. તુષારભાઇ (નીમચ)એ ૩૨૧ મણમાં લાભ લીધેલ.

મહાલક્ષ્મી ઝુલવવાનું ઘૃત ૨૫૦૦૧ મણમાં શા. લહેરચંદ હીરજી મેપાણી, હ. નયનભાઇ (મુલુન્ડ), મહાલક્ષ્મી પધરાવવાનું ૧૫૦૦૧ મણ માતુશ્રી સોનબાઇ દામજી વિકમશી હસ્તે શા. હરેશભાઇ (અંજાર), વહાણ ઝુલાવવાનું ૧૫૦૦૧ મણ અને પધરાવવાનું ૧૫૦૦૧ મણમાં માતુશ્રી મલ્યાબેન શરદચંદ્ર દંડ, હ. જયેશભાઇ (મુલુન્ડ), સ્વપ્નાનું કુલ ઘૃત ૧૨૧૧૯૩ મણ અને કુલ ઘૃત ૧૩૨૨૧૩ મણ થયું. પારણું શ્રીમતી વૃંદાબેન દિપક મેપાણી પરિવાર (ચેમ્બુર) ૫૦૧ મણમાં પધરાવેલ. મુંબઇ, નિમચ, અમદાવાદ વગેરે જગ્યાઓથી ગામવાસીઓ પધારેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નાનીખાવડી

મોટીખાવડી ગામે પધારેલ પૂ.સા. શ્રી મહોદયશ્રીજી આદી ઠાણા ૫માંથી ૨ ઠાણા નાનીખાવડી સંઘની વિનંતીને માન આપી પૂ.સા.શ્રી હર્ષનિધિશ્રીજી અને સા.શ્રી. શ્રેયશકરાશ્રીજી નાનીખાવડી ગામે પધારેલ. તેમની નિશ્રામાં પર્યુષણ પર્વ ખૂબજ સારી રીતે તપ, જપ તથા હર્ષ ઉલ્લાસ અને ધામધુમથી ઉજવવામાં આવ્યા. વહેલી સવારે રાઇ પ્રતિક્રમણ, ધાર્મિક સેવાપૂજા, ભક્તામરપઠન, વ્યાખ્યાન અને બપોરના વ્યાખ્યાન બાદ ધાર્મિક રમત ગમત અને સાંજના પ્રતિક્રમણ વગેરેમાં શ્રાવકો તથા શ્રાવિકાઓએ સારી રીતે ભાગ લીધો. પર્યુષણ પર્વ દરમ્યાન દેશ-દેશાવરથી શ્રાવકોએ તથા ગામવાસીઓએ સારી સંખ્યામાં હાજરી આપેલ. ૧૦૦ જણાંની હાજરી રહી. દસે દિવસ સંઘના રસોડે સાધર્મિક ભક્તિનો લાભ લીધો. કલ્પસુત્ર જૈનેતર શ્રી રાજેન્દ્રસિંહ લખુભા જાડેજાએ લીધો તેમણે અઠાઇતપ પણ કરેલ. તેઓ ભારતીય સૈન્યમાં ફરજ બજાવેલ અને કારગીલ

યુદ્ધ વખતે તેઓને પગમાં ગોળી વાગેલ, પારણાંનો ચડાવો માતુશ્રી મીનાબેન રજનીકાંત લોડાયાએ લીધેલ. પોથી તથા પારણાનો ઘરઘોડો ખૂબજ ધામધુમથી સુંદર રીતે કાઢવામાં આવ્યો. સ્વપ્ન ઘૃતની ઉછામણી ૨૩૪૪૩૮ મણ થઈ. કાર્યકરોએ જહેમત લઈ સુંદર સેવા આપી. તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું. વ્યાખ્યાન તથા પ્રતિક્રમણ બાદ પ્રભાવના કરવામાં આવી. સંઘ તરફથી સાધર્મિક ભક્તિના દાતા પરિવારની ભૂરીભૂરી અનુમોદના અને છેલ્લે સમુહમાં ક્ષમાપના કરવામાં આવી.

## સાંધવમાં પર્યુષણ ઉજવણી

અત્રે પર્વના પ્રારંભે ૧.૯.૧૩ના રાત્રે મહાકાલી માતાજીની ભાવના રાખવામાં આવેલ. પર્વમાં ચોથના નેમ-રાજુલની નાટિકા ભજવાઈ. જેનું આયોજન સૌ. જયશ્રી જવેરચંદ ખોનાએ કરેલ. નાટકમાં ભાગ લેનારાઃ કસ્તુરીબેન લોડાયા, જયશ્રીબેન ખોના, તેજલ ખોના, વૈશાલી મોતા, એકતા દંડ, નીકિતા ધરમશી, મહેશ ધરમશી, રાજકુમાર દંડ, વત્સલ, નેવિલ, સ્મિત, મોક્ષીલ પટેલ, સંચાલન અને માર્ગદર્શન જયેશ જૈને કરેલ.

રોજ રાત્રે પ્રભુજીની ભક્તિભાવનામાં રઘુભા જાડેજા, ઉમેશ ખોના, રાજકુમાર દંડ, મહેશ ધરમશી, પ્રિયકાંત દંડ, દિનેશ લોડાયા, વિપુલ પટેલ વગેરેએ સારી રમઝટ જમાવેલ. રોજ સવારે રાઈ પ્રતિક્રમણમાં સારી સારી સંખ્યામાં બહેનોએ લાભ લીધેલ. આઠા દિવસ પ્રતિક્રમણ કરનારને સાંધવ જૈન સંઘ તરફથી રૂા.૧૦૦ની પ્રભાવના કરવામાં આવેલ. પાંચમના પ્રિયેશ ભેદા અમદાવાદથી પધારેલ. દર્શન અને વ્યાખ્યાન વાણીનો લાભ લીધેલ. સાંધવ દર્શન અને પૂ.મ.સાને વંદન કરવા વારાપધર, પરજાઉ, વાંકુ, સાંયરા, સુથરી, કોઠારા, કોટડા, રોહા, કાંડાગરા તેમજ ગામેગામથી સંઘો આવી રહ્યા છે.

## કોઠારામાં પર્વ ઉજવણી

પૂ.સા.શ્રી જયકિર્તીશ્રીજી મ.સા.ની નિશ્રામાં પયુર્ષણ પર્વ બહુ સારી રીતે ઉજવાયા. તપ-જપની સુંદર આરાધના થઈ. કલ્પસુત્ર મણ ૨૫માં શ્રીમતી લક્ષ્મીબાઈ દામજી મૈશેરીએ પધરાવેલ. સ્વપનાનું કુલ ઘૃત મણ ૭૨૨૦૦ થયેલ. પારણું મણ ૫૦૧માં માતુશ્રી દેવકાબાઈ કુંવરજી નરશી લોડાયાએ પધરાવેલ. કુલ ઘૃત મણથી ૧૦૭૧૨૮ થયેલ. બહારગામ તથા મુંબઈથી ૮૦ જણાં પધારેલ. પર્વ દરમ્યાન કોઠારા જૈન સંઘ તરફથી સ્થાનિક તથા બહારથી પધારેલ મહેમાનો માટે સ્વામિવાત્સલ્ય ચાલુ રહેલ.

સંઘ તરફથી તપસ્વીઓનું બહુમાન કરાયેલ. છઠ્ઠના રોજ સામુહિક ક્ષમાપના કરવામાં આવેલ. પાઠશાળાના બાળકોને ઈનામ વિતરણ થયેલ.

E.C.E. TEACHER TRAINING COURSE
(4 MONTHS CERTIFICATE COURSE )
Regular Batch : Monday To Friday
Morning Batch : Thrice a week
New Batch starts on 4th October
and
PHONICS TEACHER TRAINING COURSE
(1 Week Certificate Course )
L. N. MEHTA ED. CLASSES
Yogesh Sadan,Hingwala Lane,
Ghatkopar (E) MUMBAI - 400077
PHONE : 25014824 \ 25014870 \ 9821285541

**ભુલસુધાર :** પ્ર.સ.અંક. નં. ૩૯ના પાના ૧૭માં 'સાંધાણમાં પર્વ આરાધના' સમાચારમાં કલ્પસુત્ર (પોથી) ૮૦૧ મણમાં શરતચુકથી સ્વ. કમલાબેન ગુલાબચંદ ધરમશી પરિવાર છપાયું છે જે સુધારીને **સૌ. કમલાબેન ગુલાબચંદ ધરમશી** વાંચવું. મિચ્છામિ દુક્કડમ્.

પ્ર.સ.અંક ૩૯ના પાના ૧૯માં શ્રી વિનીત ખોના, હેતલબેન પટેલ અને પ્રિયાબેન પટેલની તપ અનુમોદના જા.ખ.માં અઠ્ઠમતપ છપાયું છે જે **અઠ્ઠાઈતપ** છે. અને પાના ૭ ઉપર સાંધવ મહાજનની જા.ખ.માં ૪૫ ઉપવાસવાળાને અનુમોદના નિમિતે સંઘ તરફથી પ્રભાવનામાં શરતચુકથી ૪૧૦૦ છપાયા છે જે સુધારીને **રૂા.૩૫૦૦** વાંચવા.

Since 1984...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **નવીન એન. છેડા** | ૫૦૩, અંબર સાંઇ, ગ્રીનપાર્કની પાછળ, સુનિલનગર, ડોંબિવલી (પુર્વ) ૪૨૧૨૦૧ |
| **મયુર હંસરાજ ખોના** | ૩૦૩, હરીઓમ પાર્ક, ગાયત્રીનગર, ભીલાડ-સરીગામ રોડ, ભીલાડ-૩૯૬૧૦૫ |
| **લહેરચંદ નરશી મૈશેરી** | ૭૦૪ મુલુન્ડ દેવી સોસાયટી, ચંદનબાગ લેન, નિલકંઠ ટાવર સામે, મુલુન્ડ (વે), મુંબઇ-૮૦ |
| **વીરચંદ મેઘજી ખોના** | ૫૦૫ સિધ્ધિવિનાયક ટાવર, ઉમેશનગર સર્કલ, રેતીબંદર રોડ, ડોંબિવલી (વે) ૪૨૧૨૦૨ |
| **વિનોદ વીશનજી નાગડા** | C/o. ૬-૧૮/૧૮, NGOS કોલોની, સુબરનગર, નીઝામાબાદ-૫૦૩૦૦૨. |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પારસ નાગડા** | નિઝામાબાદ | **09666765533** | **ગીતાબેન નાગડા** | નિઝામાબાદ | **09059317656** |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬.૭.૧૩ | બેંગ્લોર | SUM0020202 | સમ્યક-શૈલી/જય પ્રતાપ મોમાયા | સુથરી | પુત્ર |
| ૧૧.૯.૧૩ | સિધ્ધનુર | SILI010503 | નીવ-પુનમ/મયુર લાપસીયા (દેસાઇ) | સાંયરા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩.૮.૧૩ | ડોંબિવલી | SDKN010903 | હિમાંશુ વીરચંદ મેઘજી ખોના | સાંધવ | ૨૭ |
| | ન્યુ અંજાર | ARL10403 | હેમાલી લહેરચંદ લક્ષ્મીચંદ લોડાયા | આરીખાણા | ૨૩ |
| ૧૫.૮.૧૩ | બેંગ્લોર | VRDA010503 | અદિત મુકેશ પ્રેમચંદ ડાઘા | વરાડીયા | ૨૫ |
| | અહમદનગર | RPLO031503 | નિકીતા યશપાલ લક્ષ્મીચંદ લોડાયા | રાપર | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬.૮.૧૩ | મુલુન્ડ | KRMT | રિયાંક રાજેશ લખમશી મોતા | કોઠારા | ૨૫ |
| | ચેમ્બુર | A | ચાર્મી કિરીટ રતનશી ગડા | બાડા | ૨૩ |
| ૧૬.૮.૧૩ | અમદાવાદ | NLLO030504 | હેમેન રોહિત કુલીનકાંત લોડાયા | નલિયા | ૩૨ |
| | અમદાવાદ | A | નમ્રતા ચંદ્રકાંત ડાયાભાઇ પટેલ | મહેસાણા | ૨૪ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯.૮.૧૩ | લંડન | A | નિખીલ જયપ્રકાશ ગુપ્તા | - | ૨૫ |
| | મહાલક્ષ્મી | NLNG310203 | નિકીતા મયુર કાંતિલાલ નાગડા | નલિયા | ૨૪ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧.૯.૧૩ | વડોદરા | NLNG480102 | બાંયાબાઇ (ગંગાબેન) ધનજી વીશનજી નાગડા (ચક્ષુદાન) | નલીયા | ૮૪ |
| ૨૧.૯.૧૩ | અમેરિકા | BRKN010801 | વિરેન્દ્ર જવેરચંદ શીવજી ખોના | બારોઇ | ૭૦ |
| ૨૧.૯.૧૩ | અલપઇ | RVLO050102 | લક્ષ્મીબેન ટોકરશી ચાંપશી લોડાયા | રવા | ૮૨ |
| ૨૩.૯.૧૩ | ગદગ-જીવનસંધ્યા | KDMO010101 | જવેરબાઇ લાલજી આશારીયા મોમાયા (દેહદાન) | કોટડી(મહા) | ૭૨ |
| ૨૪.૯.૧૩ | મુલુન્ડ | LLMA040601 | પુનમચંદ પાસુભાઇ રતનશી મૈશેરી | લાલા | ૮૩ |
| ૨૫.૯.૧૩ | ડોંબિવલી | NLLA030102 | હરીશ ઉત્તમચંદ પદમશી લાલકા | નલિયા | ૫૦ |


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


વિશ્વ આરોગ્યદિન નિમિતે સર્વેને અને વિશેષત: મહિલાઓને સુસ્વાસ્થ્ય માટે કાળજી લેવા ખાસ અનુરોધ અને નિરામય જીવન માટે શુભેચ્છાઓ....

- તન-મન પરિવાર


શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

|| શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ || || શ્રી અંબેમાતાય નમઃ ||

# હાર્દિક અભિનંદન



**કુ. જીની હિતેન્દ્ર ધરમશી** (સુથરી-ચેમ્બુર)

***Bachelor of Dental Surgery (BDS)***

અ.સૌ. તેજલ હિતેન્દ્ર ધરમશીની સુપુત્રી કુ.જીની July-2013 માં લેવાયલ BDSની Final Examમાં Merit Listમાં ઉત્તીર્ણ થઇ તે બદલ શ્રી અંબેમાં ધરમશી પરિવાર (સુથરી) ગૌરવ અનુભવે છે. યશસ્વી ભાવિની શુભેચ્છાઓ....

શુભેચ્છક

**શ્રી અંબેમાં ધરમશી પરિવાર (સુથરી)**

## લગ્નસંબંધી



**ડૉ. પ્રતિક સુનિલ દેવશી ડાઘા** (વરાડીયા-કોઇમ્બતુર)

જન્મ તારીખ : ૨૦.૧૦.૧૯૮૭ (ઉ.વ.૨૫)
ઉંચાઇ : ૫'-૯'' , વજન : ૯૦kg. વર્ણ : ગોરો
અભ્યાસ : MDS (ORTHODONTIA)
વાર્ષિક આવક : ૧૫ થી ૨૦ લાખ
દાદાણાં : ગં.સ્વ. ગંગાબાઇ દેવશી વીરજી ડાઘા
નાનાણાં : સ્વ. જાનકી લક્ષ્મણ (ચેન્નઇ)
માતા-પિતા : ડૉ. બસંતી, સ્વ. ડૉ. સુનિલ ડાઘા
બહેન : ડૉ. પ્રતિમા સુનીલ ડાઘા (BDS)
નોંધ : Dentist યુવતીના વડીલોનો સંપર્ક આવકાર્ય છે.

સંપર્ક

**DAGHA'S DENTAL CLINIC**
1, Bharathi Park, 5th Cross,
Saibaba Colony, Coimbatore - 641011
Cell : 09842205757 • E-mail : pratiksdagha@gmail.com

## છઠ્ઠી પુણ્યતિથીએ અશ્રુભીની શ્રધ્ધાંજલિ

જન્મ
તા.૧૨.૪.૧૯૮૭



અરિહંતશરણ
તા.૩૦.૯.૨૦૦૭

**સ્વ. પ્રતિક જવેરચંદ મુલજી તેજપાર પટેલ** (ડોંબિવલી-બાંઢીયા)

પલ પલ તારી યાદ આવે છે, ક્ષણ ક્ષણ હૈયું તને ઝંખે છે,
ઈંતઝાર ક્યાં રહ્યો તારા આવવાનો, બસ આંખમાં અશ્રુ છલકે છે,
અને હૈયું હિબકા ભરે છે.

સ્નેહભરી યાદોમાં સદાય વ્યાકુળ

માતા-પિતા : અ.સૌ. અમીતા જવેરચંદ મુલજી પટેલ
ભાઇ-ભાભી : અ.સૌ. મોહિતા જતીન જવેરચંદ પટેલ
ભત્રીજા : રીતીક અને નીલ જતીન પટેલ

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 Day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

।। શ્રી ચંદ્રપ્રભુસ્વામીને નમઃ ।।

# તપોભાવના દ્વારા જિનશાસન પ્રભાવના



કુ. પુજા હર્ષદ લાપસીયા
(B.Tech)

પરમ પિતા પરમાત્માની અસીમ કૃપા તેમજ
પ.પુ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ
ઠાણા-૪ની પાવન નિશ્રા તથા પ્રેરણાથી....

કુ. પુજા હર્ષદ લક્ષ્મીચંદ લાપસીયા
(દલતુંગી-નાંદેડ) દ્વારા માસક્ષમણ
(૩૦ દિવસ)ના મહાતપની આરાધના અત્યંત
શાતાપુર્વક પુર્ણ થયેલ તે બદલ

શા. લક્ષ્મીચંદ શામજી લાપસીયા સમસ્ત પરિવાર
તરફથી ભુરી ભુરી અનુમોદના...

**શાહ શામજી ધારશી ઑઇલ ઇન્ડસ્ટ્રીઝ**
શિવાજીનગર, નાંદેડ-૪૩૧૬૦૨.
ફોન : 02562-251241 / 240795 / 9422171245



## બ્લૂમબર્ગ ટીવી ઇંડિયાના 'ધ પીચ' બિઝનેસ રીઆલીટી શોમાં જ્ઞાતિના યુવા પર્યટન નિષ્ણાંત શ્રી વરુણ મુકેશ ખોના (સુથરી-બેંગ્લોર)

ક.દ.ઓ. જ્ઞાતિના જ્ઞાતિજનોએ ઇ.સ.૧૯૭૦ પછી કેટલાકે ટુર ઓપરેટીંગને વ્યવસાય તરીકે સ્વીકાર્યો તેમજ તેમાં સારી સફળતા અને નામના મેળવી. આ જ પરંપરાને સમૃદ્ધ કરતા શ્રી વરુણ ખોનાએ "Tourlandish.com'ના સહસ્થાપક અને ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર (CEO)તરીકે એવી માન્યતા મેળવી છે કે દેશના ખાસ બિઝનેસ રીયાલીટી શૉ ગણાયેલ 'ધ પીચ' માં રજૂ થનારા દેશના ટોચના ૧૦ ઉદ્યોગ સાહસવીરો સાથે પર્યટનના સંબંધમાં રજૂઆત કરવાની તક મળી છે. આ ટી.વી. શો દર રવિવારે રાત્રે ૧૦.૩૦ વાગ્યે બ્લૂમબર્ગ ટીવી ઇન્ડિયા પર આવે છે તેમજ શનિવારે સવારે ૯ વાગ્યે તથા રવિવારે સાંજે ૫ વાગ્યે તેનું પુનઃ પ્રસારણ થાય છે. India's biggest Buisness reality show on "Bloomberg TV India every Friday 10.30 p.m.,Repeat telecast Saturday 9 am & 6pm & Sunday 5 pm. (Total 13 Episodes).

ચિ. વરુણ ખોના લિમકા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પામી ચૂક્યા છે. તેઓ આયરલેન્ડ, કેનિયા, ઓસ્ટ્રેલિયા, હોંગકોંગ, મલેશિયા, કેનેડા, સાઉથ, આફ્રિકા, બ્રિટન, જર્મની, ફ્રાંસ, સ્કોટલેંડ, ફીજી, ઓસ્ટ્રેલિયા આદિ દેશોના પર્યટન સ્થળો સંબંધી ટુરીઝમના નિષ્ણાત ગણાય છે. જ્ઞાતિના આ ટુરીઝમ એક્સપર્ટ દેશના ટોચના બિઝનેશમેનો સામે કેવી રીતે રજૂ થાય છે એ જોવું રસપ્રદ રહેશે. શ્રી વરુણ ખોનાના માતા : સૌ. જયશ્રી / નાના-નાની : હીરાવંતી જયચંદ પુનશી નાગડા (જખૌ-બેંગ્લોર).

M : 09916685393 પર અથવા varun@tourlandish.com પર સંપર્ક કરી શકાશે.

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**